

# ન્યુઝ 4 કચ્છ

‘વાત કચ્છીયતની’

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

સુવિચાર
બદલાવ જો
હિતમાં હોય તો કોઈ
સંકોચ વગર બદલાઈ
જવું જોઈએ !!

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૧ અંક : ૩૦૩ તા.૦૪.૦૭.૨૦૨૪, ગુરુવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 01 Issue : 303 Dt. 04-07-2024, Thursday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# રોકાણકારોને બખ્ખા : સેન્સેક્સ પહેલીવાર ઐતિહાસિક ૮૦૦૦૦ના સ્તરે !

મુંબઈ, તા.૩

શેરબજારમાં બુધવારે ઈતિહાસ બની ગયો હતો બુધવારે બજારની શરૂઆત થતાં જ પહેલીવાર શેરબજારમાં ૮૦૦૦૦નો આંકડો વટાવ્યો હતો. વિશ્વ સ્તરે પોઝિટિવ સંકેતો વચ્ચે ભારતીય ઈન્ડેક્સમાં જોરદાર તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે અને નિફ્ટી ઈન્ડેક્સ પણ આ સાથે ૨૪૨૫૦ની સપાટીને સ્પર્શી ગયા હતા. બેંક્રોના સ્ટોક્સમાં જોરદાર ખરીદી જોવા મળી હતી. ગળવારે ક્લોઝિંગ વખતે સેન્સેક્સ ૦.૦૪% ગગડી ૭૯૪૪૧.૬૬ ના લેવલે બંધ થયું હતું. જ્યારે નિફ્ટી માં પણ ૦.૦૭%નો ઘટાડો થયો હતો અને તે ૨૪૧૨૩.૮૫ના લેવલ પર બંધ થયું હતું. પરંતુ બુધવારે શેરબજારમાં તોફાની શરૂઆત રહી હતી સેન્સેક્સમાં એકસાથે ૪૮૧.૪૪ પોઈન્ટ એટલે કે ૦.૬૧%નો ઉછાળો આવ્યો હતો. તે ૭૯૯૯૨.૮૯ પર ઓપન થયું અને અમુક જ મિનિટોમાં ૫૯૭.૭૭ પોઈન્ટના ઉછાળા સાથે ૮૦૦૦૦ને પાર કરી ગયું. છેલ્લે ૮૦૦૩૯.૨૨ ના લેવલને સ્પર્શી ગયું હતું. ભારતીય શેરબજારમાં અવિરત તેજીનો દોર જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ અને નિફ્ટી રોજ નવી રેકોર્ડ ટોચ બનાવી આગેકૂચ કરી રહ્યા છે. છેલ્લા એક માસમાં સેન્સેક્સે ૪.૬૦ ટકા ઉછળી ૮૦૦૦૦નું ઐતિહાસિક




લેવલ પાર કર્યું છે. નિફ્ટી પણ ૨૫૦૦૦ તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે.આજે સેન્સેક્સ આજે ૭૯૯૮૬.૮૦ના સ્તરે બંધ રહ્યો હતો બુધવારે રોકાણકારો ની મૂડીમાં ૩.૩ લાખ કરોડની વૃદ્ધિ સાથે બીએસઈ માર્કેટ કેપ ૪૪૫.૪૯ લાખ કરોડ થઈ હતી.

### ૭ મહિનામાં સેન્સેક્સ ૧૦,૦૦૦ વધી ગયો

ચુંટણીના પરિણામોના દિવસે શેરબજારમાં ભારે ઉથલપાથલ જોવા મળી હતી અને ત્યાર બાદ વિપક્ષે શેરબજાર રોકાણમાં ગેયલા નુકશાન બાબતે નિવેદનો આપ્યા હતા ચુંટણી પહેલા વડાપ્રધાન,અમિત શાહ નિર્મલા સિતારમન સહિતનાએ રોકાણકારોને રોકાણ કરવા કહ્યુહ હતુ જો કે હવે ફરી બજારમા તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સને ૭૦ હજારથી ૮૦ હજાર સુધી ૭ મહિનામા પહોંચી ગયો ૧૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સેન્સેક્સ ૭૦ હજાર હતો જે હવે ૩ જુલાઈના રોજ ૮૦ હજાર ઉપર પહોંચી ગયો છે. તે જ સમયે, સેન્સેક્સને ૬૦ હજારથી ૭૦ હજાર સુધી પહોંચવામાં ૨ વર્ષથી વધુ સમય લાગ્યો.હોવાનુ આર્થીક નિષ્ણાંતો માની રહ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં સેન્સેક્સમાં ૧૦%નો વધારો જોવા મળ્યો હતો અને છેલ્લા એક વર્ષમાં ૨૨%નો વધારો નોંધાયો છે.

### સોના-ચાંદીમાં પણ તેજી

એક તરફ શેરમાર્કેટમાં આજે ભારે ઉછાળો જોવા મળ્યો હતો ત્યા બીજી તરફ સોના-ચાંદીમાં પણ તેજી જોવા મળી હતી ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન ની વેબસાઈટ અનુસાર ૨૪ કેરેટ સોનાનો ૧૦ ગ્રામનો ભાવ ૨૮૧ રૂપિયા વધીને ૭૧,૯૮૩ રૂપિયા થયો છે. ગઈ કાલે તેની કિંમત ૭૧,૬૯૨ રૂપિયા પ્રતિ દસ ગ્રામ હતી.આ તરફ એક કિલો ચાંદી ૮૮,૮૫૭ રૂપિયામાં વેચાઈ રહી છે, જેમાં ૮૪૨ રૂપિયા નો વધારો થયો છે. અગાઉ ચાંદીનો ભાવ રૂ. ૮૮,૦૧૫ પ્રતિ કિલો હતો. ચાલુ વર્ષે જ મે મહિનામાં ચાંદી પ્રતિ કિલો રૂ. ૯૪,૨૮૦ની ઓલ ટાઈમ હાઈ પર પહોંચી હતી.રોકાણકારો ની મૂડીમાં ૩.૩ લાખ કરોડની વૃદ્ધિ જોવા મળી હતી આ સાથે સોના-ચાંદીમાં પણ તેજી જોવા મળી હતી. મજબૂત જીએસટી કલેક્શન, સહિત અનેક કારણો છે કે ભારતીય શેરબજાર અને સોનુ-ચાંદી સતત ઉંચા જઇ રહ્યા છે.

આ મહિનાના અંતિમ સપ્તાહમાં જાહેર થનારા દેશના બજેટમાં નવી સરકાર તમામ ક્ષેત્રો માટે સકારાત્મક જાહેરાતો કરે તેવી શક્યતા છે. સાથે મધ્યમવર્ગને ફોકસમાં રાખી ટેક્સમાં સુધારા, ઈન્ફ્રા ક્ષેત્રે તેની યોજનાઓની જાહેરાત કરે તેવી આશા સાથે બજારમાં તેજી નિષ્ણાંતો જોઇ રહ્યા છે. એશિયાઈ બજારમાં તેજી જોવા મળી રહી છે. જાપાનના નિક્કેઈમાં ૦.૮૮% ની તેજી છે. તાઈવાન વેટેડમાં ૧.૦૨% અને કોરિયાના કોસ્પીમાં ૦.૩૦% ની તેજી છે. હૈંગસેંગ ૦.૭૨% ઉપર કારોબાર કરી રહ્યો છે આમ ન માત્ર ભારત પરંતુ હાલ એશિયાઇ બજાર પર શકારાત્મક વલણ જોવા મળી રહ્યુ છે. જેની અસર ભારતીય બજારમા પણ જોવા મળી રહી છે.

## વડાપ્રધાનની સ્પીચ થરૂ થતાજ વિપક્ષનું વોકઆઉટ ! કાર્યવાહી સ્થગિત

**લોકસભા બાદ રાજ્યસભામાં પણ વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો જે બાદ રાજ્યસભાની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવી પડી હતી જો કે વડાપ્રધાન તથા અધ્યક્ષે ધટનાને વખોડી વિપક્ષે અમને પણ બોલવા દોના નારા લગાવી વોકઆઉટ કર્યુ**

નવી દિલ્હી, તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ રાજ્યસભામાં રાષ્ટ્રપતિ ના અભિભાષણ પર આભાર પ્રસ્તાવનો જવાબ આપવાનુ શરૂ કર્યુ હતુ બુધવારે ભાષણ શરૂ થયાના થોડા સમયમાંજ વિપક્ષે હોબાળો મચાવ્યો હતો અને ગૃહમાંથી વોકઆઉટ કર્યુ હતુ. આભાર પ્રસ્તાવનો જવાબ આપતા વડાપ્રધાને કહ્યુ હતુ કે ૬૦ વર્ષ પછી એવું બન્યું છે કે ૧૦ વર્ષ પછી એક સરકાર પાછી આવી છે. આ ઘટના અસામાન્ય છે. કેટલાક લોકો જાણીજોઈને તેમનાથી મોં ફેરવીને બેઠા હતા.મણિપુરની સ્થિતિ અને નીટ પેપર લીક જેવા મુદ્દાઓ પર નિવેદનો પણ આપ્યા. તેમણે કહ્યું કે અમે જે કામ છેલ્લા પાંચ વર્ષમાં કર્યું છે તે જો કરવું હોત તો કોંગ્રેસને ૨૦ વર્ષ લાગ્યા હોત. ઉત્તર-પૂર્વમાં સ્થાયી શાંતિ માટે ૧૦ વર્ષથી સતત પ્રયાસો થઈ રહ્યા છે. અટક્યા વિના અને થાક્યા વિના પ્રયત્નો કર્યા છે. દેશમાં તેની ચર્ચા ઓછી થઈ છે, પરંતુ પરિણામ વ્યાપક જોવા મળ્યું છે. પેપર લીક પર તેમણે કહ્યું કે અમે ઈચ્છતા હતા કે પેપર લીક જેવા સંવેદનશીલ મુદ્દા પર રાજકારણ ન થવું જોઈએ, પરંતુ વિપક્ષને તેની આદત છે. હું ભારતના યુવાનોને આશ્વાસન આપું છું કે યુવાનોના ભવિષ્ય સાથે રમત કરનારાઓને કડકમાં કડક સજા મળે તે માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે.તેમણે કહ્યું કે રાજ્યો વચ્ચે સરહદી વિવાદો સંઘર્ષને જન્મ આપી રહ્યા છે અને આ આઝાદી પછીથી ચાલુ છે. અમે રાજ્યો સાથે મળીને આનો ઉકેલ લાવી રહ્યા છીએ. ઉત્તરપૂર્વ માટે આ એક મહાન સેવા છે. હિંસા સાથે સંકળાયેલી સંસ્થાઓ, જે લડાઈ કરતી સશસ્ત્ર ગેંગ હતી, આજે તેમની સાથે કાયમી કરાર કરી રહી છે. જેમની સામે ગંભીર કેસ છે તેઓ કોર્ટમાં જવાની તૈયારીમાં છે. ન્યાયતંત્રમાં વિશ્વાસ વધારવો જરૂરી છે.પીએમ મોદીએ કહ્યું કે સરકાર મણિપુર માં સ્થિતિને સામાન્ય બનાવવા માટે સતત પ્રયાસો કરી રહી છે.કેટલાકને સમજાયું નહીં. સમજનારાઓએ એવો હોબાળો મચાવ્યો કે તેમણે દેશની જનતાના નિર્ણયને બ્લેક આઉટ કરવાની કોશિશ કરી છે. હું છેલ્લા બે દિવસથી જોઈ રહ્યો છું કે આખરે તેઓ હાર સ્વીકારી રહ્યા છે અને અમારી જીત પણ કમને સ્વીકારે છે.જો કે બાદમાં વિપક્ષે ભારે હોબાળો કર્યો હતો અને હંગામા બાદ વોક આઉટ કર્યુ હતુ મોદીની ભાષણ વચ્ચે અમને પણ બોલવા દોના નારા લાગ્યા હતા જો કે વડાપ્રધાને અનેક વાતે વિપક્ષને આડેહાથ લીધા હતા સાથે વડાપ્રધાન તથા અધ્યક્ષે વોકઆઉટને વખોડી હતી. વડાપ્રધાને કહ્યુ હતુ કે હું તમારી પીડા સમજી શકું છું, ૧૪૦ કરોડ દેશવાસીઓ તેમના દ્વારા આપવામાં આવેલા નિર્ણય અને જનાદેશને પચાવી શકતા નથી. ગઈકાલે તેના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા, તેથી આજે તે યુદ્ધ લડવાની તેનામાં હિંમત પણ ન હતી, તેથી તે મેદાન છોડીને ભાગી ગયો. હું ફરજથી બંધાયેલો છું, હું અહીં ચર્ચામાં પોઈન્ટ મેળવવા આવ્યો નથી. હું દેશનો સેવક છું, દેશવાસીઓને મારો હિસાબ આપવા આવ્યો છું. દેશની જનતાને મારી દરેક પળનો હિસાબ આપવો હું મારી ફરજ માનું છું.

## કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના નિવાસસ્થાનની સુરક્ષા વધારાઈ

નવી દિલ્હી, તા.૩

સંસદમાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીના હિંદુઓને લઈને આપેલા નિવેદનને લઈને ઘણો વિવાદ થયો છે. આ બધાની વચ્ચે દિલ્હી પોલીસને ઈન્ટેલિજન્સ વિભાગ તરફથી ઈનપુટ મળ્યા છે કે હિન્દુ સંગઠનો સાથે જોડાયેલા લોકો કોંગ્રેસ નેતા પર હુમલો કરી શકે છે. આવી સ્થિતિમાં ગૃહ મંત્રાલયના આદેશ બાદ દિલ્હી પોલીસે રાહુલ ગાંધી અને તેમના નિવાસ સ્થાનની સુરક્ષા વધારી દીધી છે. આવાસ પર વધારાના દળો તૈનાત કરવામાં આવ્યા છે. તેમજ આ વિસ્તારમાં રહેતા કોંગ્રેસના નેતાઓ પર પણ નજર રાખવામાં આવી રહી છે. નવી દિલ્હીમાં ગુપ્તચર તંત્રને એલર્ટ કરી દેવામાં આવ્યું છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોમવારે હિન્દુઓને લઈને નિવેદન આપ્યું હતું. આ પછી દિલ્હી પોલીસને મોડી રાત્રે ઈનપુટ મળ્યા કે હિન્દુ સંગઠનોના નેતાઓ રાહુલ ગાંધી પર હુમલો કરી શકે છે. આ સંસ્થા ઓ ના લોકો નવી દિલ્હી વિસ્તારમાં પોસ્ટર અને બેનરો વગેરે લગાવી શકે છે. રાહુલ ગાંધીના નિવાસ સ્થાને બે પ્લાટૂન ફોર્સ તૈનાત કરવામાં આવી છે. એક પ્લાટૂનમાં ૧૬ થી ૧૮ પોલીસકર્મીઓ હોય છે. આ ઉપરાંત તુગલક રોડ પોલીસ સ્ટેશનમાંથી ૮ થી ૨૦ વધારાના પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે. નવી દિલ્હી જિલ્લાની સરહદો સીલ કરી દેવામાં આવી છે. લોકોને ચેકિંગ કર્યા પછી જ નવી દિલ્હીમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી રહી છે. નવી દિલ્હી વિસ્તારમાં પેટ્રોલિંગ પણ વધારી દેવામાં આવ્યું છે.

## હેમંત સોરેન ફરી બનશે મુખ્યમંત્રી

હેમંત સોરેન ફરી એક વખત ઝારખંડના મુખ્યમંત્રી બનવા જઈ રહ્યાં છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઝારખંડ મુક્તિ મોર્ચા, કોંગ્રેસ અને રાષ્ટ્રિય જનતા દળના ધારાસભ્ય દળોની મળેલી બેઠકમાં હેમંત સોરેનને ફરી એક વખત રાજ્યના મુખ્યમંત્રી તરીકે પસંદ કરવામાં આવ્યાં છે. કથિત જમીન કૌભાંડ કેસમાં સોરેનની ધરપકડ બાદ ચંપાઈ સોરેનને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. ત્યારે હવે હેમંત સોરેનને જામીન પર છોડવામાં આવ્યાં હોવાથી ચંપાઈ સોરેન રાજીનામું આપશે. સૂત્રો પાસેથી એવી પણ માહિતી મળી છે કે ચંપાઈને ઝારખંડ મુક્તિ મોર્ચાના કાર્યકારી અધ્યક્ષ બનાવી શકે છે. કથિત જમીન કૌભાંડ કેસમાં હેમંત સોરેનને હાઈકોર્ટ માંથી જામીન મળ્યાં બાદ ૨૮ જૂનના રોજ જેલમાંથી છોડવામાં આવ્યાં હતાં. જોકે, હેમંત સોરેનની ધરપકડ પછી તેમણે મુખ્યમંત્રી પદ પર થી રાજીનામુ આપ્યું હતું. ત્યારબાદ તેમના નજીકના સહયોગી અને મંત્રી ચંપાઈ સોરેનને રાજ્યની જવાબદારી સોંપવામાં આવી હતી. જેમાં ૨ ફેબ્રુઆરીના દિવસે રાજ્યના ૧૨માં મુખ્યમંત્રી તરીકે ચંપ ઇઈ સોરેને શપથ લીધા હતા. હાઈકોર્ટમાંથી જામીન મળ્યાં પછી સોરેન ફરી ખુરશી સંભાળી શકશે કે નહીં તેવી અટકળો જોવા મળી છે. ૧૫૦૦ પસંદ કરેલા શિક્ષકોની નિયુક્તિના પત્ર વિતરિત કરવા સહિતના મુખ્યમંત્રી ચંપ ઇઈ સોરેનના મહત્વપૂર્ણ કાર્યો અચાનક રદ કરવામાં આવતાં કોઈ મોટો નિર્ણય લેવાશે તેવી અટકળો ફેલાઈ હતી. આ ઉપરાંત, મંગળવારના રોજ યોજાવા જઈ રહેલા મુખ્યમંત્રીના સાર્વજનિક કાર્યક્રમો રદ કરવામાં આવ્યાં હતાં. રાજ્યમાં જ્યારે આગામી દિવસોમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે, ત્યારે રાજ્યમાં નેતૃત્વ પરિવર્તન થતું જોવા મળી રહ્યું છે.

## વિજેતા ભારતીય ટીમને આવકારવા ભવ્ય તૈયારી

વર્લ્ડ કપ જીત્યા બાદ ટીમ ઈન્ડિયા ગુરુવારે સવારે બાર્બાડોસથી દિલ્હી પહોંચશે. દેશમાં ટીમના ભવ્ય સ્વાગતની તૈયારીઓ કરવામાં આવી છે ટીમ ઈન્ડિયા એરપોર્ટથી પહેલાં હોટલમાં જશે. આ પછી પીએમ આવાસ પહોંચશે. મોદી સાથે નાસ્તો કરશે. આ પછી તેઓ મુંબઈ જવા રવાના થશે અહીં પણ ૨૦૦૭માં પ્રથમ વર્લ્ડ કપ જીતનાર ધોનીની ટીમની જેમ સાંજે ૫ વાગ્યે નરીમાન પોઈન્ટથી વાનખેડે સ્ટેડિયમ સુધી ખુલ્લી છતની બસમાં ટીમની વિક્ટ્રી પરેડ થશે. ત્યાર બાદ સન્માન સમારોહમાં રોકડ પુરસ્કાર આપવામાં આવશે.જય શાહે પોસ્ટમાં લખ્યું- ટીમ ઈન્ડિયાના સન્માનમાં આયોજિત થનારી વિક્ટ્રી પરેડમાં અમારી સાથે જોડાઓ અને ગુરુવારે સાંજે ૫ વાગ્યે મરીન ડ્રાઈવ અને વાનખેડે પર અમારી સાથે ઉજવણી કરો આમ લોકોને ભારતનો ઉત્સાહ વધારવા જાહેર આમત્રંણ અપાયુ છે. છેલ્લે વિજેતા ટીમ તથા તમામ સ્ટાફને જાહેરાત મુજબ ૧૨૫ કરોડ રૂપિયાનું રોકડ ઇનામ આપવામા આવશે આમ ભારતીય ટીમનુ ભારતમાં ભવ્ય સ્વાગત થશે.

# ગુજરાતમાં ૨૪૭૦૦ જગ્યા ઉપર શિક્ષકોની ભરતી થશે

**શિક્ષકો તથા પરિક્ષા પાસ ઉમેદવારો દ્વારા વિરોધ બાદ ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકે રાજ્યની સરકારી પ્રાથમિક અને સરકારી તથા ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ સ્તરે શિક્ષકોની ભરતી પ્રક્રિયાના સમયબદ્ધ આયોજન માટેના સૂચિત ભરતી અંગે જાહેરાત કરી**

ગાંધીનગર, તા.૩

રાજ્યની સરકારી પ્રાથમિક અને સરકારી તથા ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ સ્તરે શિક્ષકોની ભરતી પ્રક્રિયાના સમયબદ્ધ આયોજન માટેના સૂચિત ભરતી કેલેન્ડરને આખરી ઓપ આપ્યો છે. શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડીંડોર તેમજ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના સીધા માર્ગદર્શન હેઠળ આ સૂચિત ભરતી કેલેન્ડર નાં સમયબદ્ધ અમલીકરણ થકી આગામી ઓગષ્ટ-૨૦૨૪થી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન જુદી-જુદી સંભવિત તારીખોએ વિવિધ જગ્યાઓ પર અંદાજે ૨૪,૭૦૦થી વધુ શિક્ષકોની ભરતી પ્રક્રિયા માટેની જાહેરાત પ્રસિદ્ધ કરીને ભરતીની પ્રક્રિયા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની વર્તમાન સરકારે રાજ્યના યુવાઓના વિશાળ હિતમાં કરેલા આ મહત્વપૂર્ણ આયોજનની વિસ્તૃત વિગતો આપી હતી. ભરતી પ્રક્રિયાના સૂચિત કેલેન્ડર અનુસાર ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની ૧૨૦૦ જેટલી અંદાજિત સંખ્યા અને ગ્રાન્ટેડ શાળાઓમાં જુના શિક્ષકની અંદાજિત ૨૨૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટે સંભવિત જાહેરાત ની તા.૦૧/૦૮/૨૦૨૪ રહેશે. ઋષિકેશ પટેલે વધુમાં કહ્યું કે, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની કુલ મળીને અંદાજે ૪૦૦૦ જેટલી જગ્યાઓ જેમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટે ૭૫૦ અને ગ્રાન્?ટેડ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટે ૩૨૫૦ જગ્યાઓનો સમાવેશ થાય છે તેની સંભવિત જાહેરાતની તા. ૦૧/૦૯/૨૪ રહેશે. આ ઉપરાંત સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની કુલ ૩૫૦૦ જગ્યાઓ માટેની જાહેરાત ની સંભવિત તા.૦૧/૧૦/૨૦૨૪ રહેશે જેમાં સરકારી માધ્યમિક શિક્ષણ સહાયકની ૫૦૦ જગ્યા અને ગ્રાન્ટેડ માધ્યમિક શિક્ષણ સહાયકની ૩૦૦૦ જગ્યા માટે ભરતી જાહેરાત થશે. સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે TET-2 પાસ ઉમેદવારો માટેની અંદાજે ૭૦૦૦ જગ્યાઓ માટેની સંભવિત ભરતી જાહેરાત ની તા. ૦૧/૧૧/૨૦૨૪ રહેશે. સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (અન્ય માધ્યમ) ટેટ-૨ પાસ ઉમેદવારોની અંદાજે ૬૦૦ જેટલી જગ્યાઓ માટે સંભવતઃ તા. ૦૧/૧૧/૨૦૨૪ના રોજ જાહેરાત કરાશે. આ ઉપરાંત સરકારી પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે TET-1 પાસ ઉમેદવારો માટેની અંદાજે ૫૦૦૦ જગ્યાઓ માટે તેમજ સરકારી પ્રાથમિક શાળાઓમાં અન્ય માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે TET-1 પાસ ઉમેદવારો માટેની અંદાજે ૧૨૦૦ જગ્યાઓ માટે ભરતી માટે સંભવતઃ તા.૦૧/૧૨/૨૦૨૪ના રોજ જાહેરાત થશે. ઋષિકેશ પટેલે વધુમાં કહ્યું કે, TET-1 અને TET-2 ઉમેદવારોના સંબંધિત પરીક્ષાના પ્રમાણપત્રની માન્યતાની અવધિ અંગે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મહત્વનાં નિર્ણયો કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, આ નિર્ણયો અનુસાર આજે જાહેર થયેલી ભરતીમાં TET-1માં વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૩ સુધી પાસ થયેલા તમામ ઉમેદવારો તથા TET-2 માં ૨૦૧૧ થી ૨૦૨૩ સુધીમાં પાસ થયેલા તમામ ઉમેદવારો ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઉમેદવારી કરી શકશે.

# હાથરસનો મામલો સુપ્રિમમાં, બાબાએ કહ્યુ નીકળ્યો પછી દુર્ઘટના થઈ

**યુપીના હાથરસમાં નાસભાગથી ૧૨૨ ના મોતનો મામલો બીજા દિવસ પણ ભારે ગરમાયો હતો. સ્થળ મુલાકાત બાદ યોગી સરકારે કડક કાર્યવાહીના નિર્દેશ આપ્યા છે આ તરફ આયોજકો સામે ફરીયાદ દાખલ કરાઈ છે. પરંતુ તેમાં બાબાનુ નામ નથી તે વચ્ચે મામલો સુપ્રિમ કોર્ટમા પહોચ્યો છે. તે બાદ ભોલે બાબાનું પહેલું નિવેદન આવ્યું છે. જેમા તેને કહ્યુ કે હું સત્સંગમાંથી નીકળ્યો પછી દુર્ઘટના થઈ**

હાથરસ, તા.૩

ઉત્તરપ્રદેશના હાથરસમાં સર્જાયેલી નાસભાગની દુર્ઘટનાથી આખો દેશ હચમચી ગયો છે. ધાર્મિક સત્સંગમાં મચેલી નાસભાગમાં લગભગ ૧૨૧થી વધુ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે ત્યારે તંત્ર અને સરકાર એક્શન મોડમાં દેખાઈ રહી છે. દુર્ઘટના પાછળના જવાબદાર લોકો સામે કાર્યવાહી કરતાં પ ોલીસે સત્સંગના આયોજકો સામે એફઆઈઆર નોંધી લીધી છે.

જોકે એફઆઈઆરમાં ચોંકાવનારું એ રહ્યું કે બાબાનું નામ જ તેમાં સામેલ નથી. ઉલ્લેખનીય છે કે મુખ્ય પ્રવચનકર્તા સૂરજપાલ ઉર્ફે ભોલે બાબાના મુખ્ય સેવાદાર સહિત અન્ય આયોજકો સામે આ મામલે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. હાથરસમાં આ સત્સંગનું આયોજન સિંકદરારાઉમાં આવેલ ફુલરઈ મુગલગઢી ગામમાં મંગળ મિશન સદભાવના સમાગમ સમિતિ દ્વારા કરાયું હતું. તેના મુખ્ય આયોજક દેવપ્રકાશ મધુકર (એન્જિનિયર) હતા. તેમની સાથે સહ આયોજકોમાં મહેશ ચંદ્ર, અનાર સિંહ, સંજુ યાદવ, ચંદ્રદેવ અને રામપ્રકાશ સામેલ હતા. પોલીસે તમામ આરોપીઓ સામે કેસ નોંધી લીધો છે. આ મામલે ઉત્તરપ્રદેશની સરકારે એક્શન લેતા તપાસ માટે આગરાના એડીજી અને અલીગઢના કમિશનરના નેતૃત્વમાં એક ટીમ બનાવી હતી. આઈજી શલભ માથુરે કહ્યું કે સત્સંગના આયોજકો સામે એફઆઈઆર દાખલ કરાઈ છે. આ એ લોકો છે જેમણે ધાર્મિક કાર્યક્રમ યોજવા માટે તંત્ર પાસે પરવાનગી માગી હતી. આ ઘટનામાં હાઈ લેવલની તપાસના આદેશ કરાયા છે. સ્વયંભૂ સંત ભોલે બાબા એક સમયે પોલીસમાં નોકરી કરતા હતા. હવે તે પોતાને ભગવાનનો ચોકીદાર કહે છે. જો કે તેમના અસંખ્ય ભક્તો માને છે કે ભોલે બાબા ભગવાનનો અવતાર છે. કાસગંજ જિલ્લાના પટિયાલીના એક નાનકડા ઘરમાંથી સત્સંગની શરૂઆત કરનારા ભોલે બાબાએ હવે પશ્ચિમ યુપી અને રાજસ્થાન અને મધ્યપ્રદેશના કેટલાક જિલ્લાઓમાં પોતાનો પ્રભાવ સંપૂર્ણ પણે ફેલાવી દીધો છે. સ્વયંભૂ સંત સાકર વિશ્વ હરિ ૨૬ વર્ષ પહેલા પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે નિયુક્ત થયા હતા. અચાનક ફઈજી લીધા પછી તેમણે પટિયાલીના બહાદુરનગરી ગામમાં તેમની ઝૂંપડી માંથી સત્સંગ શરૂ કર્યો. એક વાતચીત દરમિયાન ભોલે બાબાએ દાવો કર્યો હતો કે તેમની પાસે કોઈ ગુરુ નથી અને ૧૮ વર્ષ સુધી પોલીસમાં કામ કર્યા પછી અચાનક સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી હતી. સ્વયંભૂ સંતે ગામડાની ઝૂંપડીમાંથી તેની શરૂઆત કરી. ધીરે ધીરે લોકો તેની વાતોમાં આવવા લાગ્યા અને સાકર વિશ્વ હરિનો પ્રભાવ વધતો ગયો. હવે સાકાર વિશ્વ હરિના દરબારો અનેક વીઘા જમીનમાં ભરાય છે. પટિયાલી તહસીલના બહાદુરનગરી ગામમાંથી ઉભરીને ભોલે બાબાએ પોતાનું વર્ચસ્વ વધારવાનું શરૂ કર્યું છે. હવે સ્વયંભૂ સંત પોતે ઈટા, આગ્રા, મૈનપુરી, શાહજહાંપુર, હાથરસ સહિતના ઘણા જિલ્લાઓમાં પ્રભાવ ધરાવે છે. આ ઉપરાંત પશ્ચિમ યુપીને અડીને આવેલા મધ્યપ્રદેશ અને રાજસ્થાન અને હરિયાણાના ઘણા જિલ્લાઓમાં તેમના મેળાવડા યોજાય છે.

સ્વયંભૂ બાબાના મોટા ભાગના ભક્તો ગરીબ વર્ગના છે, તેમની સંખ્યા લાખોમાં છે ભલે સાકાર વિશ્વ હરિ પોતાને ભગવાનના સેવક કહે છે. વહીવટીતંત્રનો પ્રથમ રિપોર્ટ સામે આવ્યો છે. તેમાં કહેવાયું છે કે ભોલે બાબાની ચરણ રજ લેવાને કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. બાબાના સેવકોએ લોકો સાથે ધક્કા-મુક્કી કરી હતી. આ પછી ભીડ બેકાબૂ થઈ ગઈ હતી મુખ્યમંત્રીએ કહ્યુ આ દુર્ઘટના ષડયંત્ર સમાન છે. લોકો મરતા રહ્યા. સેવાદારો ત્યાંથી ભાગી ગયા. તેમણે ન તો વહીવટીતંત્રને જાણ કરી કે ન તો મદદ કરી. વહીવટીતંત્રની ટીમ આવી ત્યારે સેવાદારોએ તેમને આગળ જવા ન દીધા. અમે પણ કુંભ જેવા મોટા આયોજનો કર્યા છે, પરંતુ આવી વસ્તુઓ થઈ નથી.

### મામલો સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો

ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લામાં સત્સંગ દરમિયાન ફાટી નીકળેલી નાસભાગમાં એક હત્યાકાંડ થયો હતો. અત્યાર સુધીમાં ૧૨૧ થી વધુ લોકોના મોત થયા છે અને ૩૦ થી વધુ લોકો ઘાયલ છે, જેમની સારવાર ચાલી રહી છે. દરમિયાન અકસ્માતનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે અને અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજી વકીલ વિશાલ તિવારીએ દાખલ કરી છે. હાથરસ અકસ્માતમાં હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી અને સ્વયં ઘોષિત ભોલે બાબા ફરાર છે, જેની પોલીસે તપાસ હાથ ધરી છે. દાખલ કરવામાં આવેલી અરજીમાં સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ એસઆઈટીની રચના અને તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે તમામ રાજ્યોને માર્ગદર્શિકા જારી કરવામાં આવે. તેમજ ઘટના સ્થળે તબીબી સુવિધાઓ અંગે શું વ્યવસ્થા કરવામાં આવી હતી તેનો અહેવાલ પણ માંગવામાં આવે. આ મૃત્યુ માટે કોણ જવાબદાર છે તે મોટો પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે.

## મહારાષ્ટ્રમાં ઝિકા વાયરસને લઈ કેન્દ્ર સરકાર સતર્ક

મુંબઈ, તા.૩

મહારાષ્ટ્રમાં ઝિકા વાયરસના ઘણા કેસ સામે આવ્યા બાદ કેન્દ્ર સરકાર સતર્ક થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ઝીકા વાયરસને લઈને તમામ રાજ્યોને એડવાઈઝરી જારી કરી છે. આ એડવાઈઝરી હેઠળ તમામ રાજ્યોને સગર્ભા સ્ત્રીઓમાં ઝિકા વાયરસના સંક્રમણના જોખમને ધ્યાનમાં રાખીને સર્વેલન્સ વધારવા અને સ્ક્રીનિંગ વધારવા માટે સૂચના આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રના પુણેમાં છેલ્લા ૧૧ દિવસમાં ઝિકા વાયરસના છ કેસ નોંધાયા છે. ૧ જુલાઈના રોજ બે ગર્ભવતી મહિલાઓમાં ઝિકા વાયરસના ચેપની પુષ્ટિ થઈ હતી. આ જ કારણ છે કે કેન્દ્ર સરકાર આ અંગે સતર્ક છે. સરકારે ઝિકા વાયરસથી સંક્રમિત મહિલાઓના ભ્રૂણ પર સતત દેખરેખ રાખવાનો પણ નિર્દેશ આપ્યો છે. હોસ્પિટલો અને આરોગ્ય સુવિધાઓને મચ્છર મુક્ત રાખવા માટે નોડલ ઓફિસરની નિમણૂક કરવા ઉપરાંત રહેણાંક વિસ્તારો, શાળાઓ, બાંધકામ સ્થળો અને વિવિધ સંસ્થાઓને પણ મચ્છર મુક્ત રાખવા માટે કહેવામાં આવ્યું છે.

ઝીકા વાયરસ પણ ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવો મચ્છરજન્ય રોગ છે. આ રોગથી સંક્રમિત સગર્ભા સ્ત્રીઓમાં જન્મેલા બાળકોના માથાનું કદ સામાન્ય કરતા ઓછું હોય છે. આ કારણે ઝીકા વાયરસનો ચેપ ચિંતાનો વિષય છે. ભારતમાં વર્ષ ૨૦૧૬માં ઝિકા વાયરસના ચેપનો પ્રથમ કેસ નોંધાયો હતો. ત્યારથી, તમિલનાડુ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, કેરળ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને કર્ણાટકમાં પણ ચેપના કેસ નોંધાયા છે. ૨ જુલાઈ સુધીમાં, મહારાષ્ટ્રના પુણેમાં ઝિકા વાયરસના છ કેસ નોંધાયા છે.

ઝિકા વાયરસના ચેપથી પીડિત લોકોમાં માથાનો દુખાવો, તાવ, સાંધાનો દુખાવો, ચામડી પર ફોલ્લીઓ, આંખોની સફેદીમાં લાલાશ અને સ્નાયુઓમાં દુખાવો જેવા લક્ષણો દેખાય છે.

## આજનું રાશિફળ

**મેષ :**
આજે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. મિત્રો તથા સંબંધીઓ સાથે મજા માણજો. તમારી મોંઘેરી ભેટ-સોગાદો પણ ખુશીભરી ક્ષણો પાછી નહીં લાવી શકે, કેમ કે તમારા પ્રેમી કે પ્રેમિકા તેને કાઢી નાખશે. કામમાં ગતિશીલ અને પ્રગતિશીલ પરિવર્તન લાવવામાં સહકર્મચારીઓ તમને સહકાર આપશે. ઝડપી પગલું લેવા તમારે પણ તમારી જાતને તૈયાર કરવી પડશે. તમારા હાથ નીચેના લોકોને વધુ મહેનત કરવા પ્રેરિત કરવાનો પ્રયાસ સારા પરિણામો આપી શકે છે. આજે તમારે અચાનક થોડી અનિચ્છનીય યાત્રા કરવી પડી શકે છે જેના કારણે પરિવાર સાથે સમય વિતાવવા ની તમારી યોજના બગડી શકે છે.

**વૃષભ :**
આજે તમારે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો. એ સાથે જ યાદ રાખો કે ગુસ્સો એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે , જે તમને કેટલીક ગંભીર ભૂલો કરવાની ફરજ પાડી શકે છે. પ્રેમ તથા રૉમાન્સ તમને ખુશખુશાલ મૂડમાં રાખશે. નવા પ્રસ્તાવો લલચાવનારા હશે પણ કોઈ ઉતાવળા નિર્ણયો ન લેવા એ સમજદારીભર્યું નહીં સાબિત થાય. પ્રવાસ લાભદાયક છતાં ખર્ચાળ રહેશે.

**મિથુન :**
તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. વરિષ્ઠો તરફથી સહકાર અને કદર તમારૂં મનોબળ અને આત્મવિશ્વાસ વધારશે. આજે તમે તમારો મફત સમય તમારી માતા ની સેવા માં ખર્ચવા માંગતા હો, પરંતુ પ્રસંગે કેટલાક કામ ને કારણે તે શક્ય નહીં બને. આ તમને પરેશાની આપશે.

**કર્ક :**
તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. હકારાત્મક તથા સહકાર આપનારા મિત્રો સાથે બહાર જાવ. આજે તમને તમારા મિત્રની ગેરહાજરીમાં તેની સુવાસ વર્તાશે. નવા ગ્રાહકો સાથે વાટાઘાટો ચલાવવા માટે અદભુત દિવસ. તમે ખાલી સમય માં મૂવી જોઈ શકો છો, તમને આ ફિલ્મ ગમશે નહીં અને તમને લાગશે કે તમે તમારો કિંમતી સમય નો બગાડ કર્યો છે. તમે તમારા લગ્નજીવનમાં પ્રેમયાચના, એકમેકની પાછળ દોડવાના અને મનાવવાના જૂના સુંદર દિવસોની યાદ તાજી કરશો.

**સિંહ :**
તમારે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. રૉમેન્ટિક ગૂંચવણ તમારી ખુશીમાં મસાલો ઉમેરશે. આ તે સારા દિવસો માં નો એક દિવસ છે જ્યારે તમે કાર્યક્ષેત્ર ઉપર ઘણું સારું અનુભવ કરશો? આજે તમારા સહકર્મી તમારા કામ ની પ્રશંસા કરશે અને તમારા બોસ પણ તમારા કાર્ય થી ખુશ થશે. વેપારી પણ આજે વેપાર માં સારો નફો કમાવી શકે છે. તાણભર્યો દિવસ જ્યારે તમારા નિકટના સાથીદારો સાથે અનેક મતભેદો ઊભા થઈ શકે છે.

**કન્યા :**
આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે. તેમની સાથે સંપૂર્ણ સહકારપૂર્વક કામ કરી જીવનના ચડાવ-ઉતાર તેમની સાથે શૅર કરો. તમારો બદલાયેલો અભિગમ તેમને અમર્યાદ આનંદ આપશે. તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે-કેમ કે તમારૂં પ્રિયપાત્ર તમને અસીમ પ્રેમ આપે એવી શક્યતા છે. લાયક કર્મચારીઓ માટે નાણાકીય લાભો તથા બઢતી. સારી સાંજ મેળવવા માટે, તમારે આખો દિવસ ખંત થી કામ કરવા ની જરૂર છે.

**તુલા :**
આજે તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. રૉમાન્સ માટે બહુ સારો દિવસ નથી કેમ કે તમને સાચો પ્રેમ નહીં મળે. સાવધાનીપૂર્વક પગલાં લેવાનો દિવસ- આથી જ્યાં સુધી તમને વિશ્વાસ ન બેસે કે તમારા વિચારો નિષ્ફળ નહીં જાય, ત્યાં સુધી તેમને રજૂ ન કરતા. તમે જો પ્રવાસને લગતી કોઈ યોજના ઘડી હોય -તો તમારા સમયપત્રકમાં છેલ્લી ઘડીના ફેરફારને કારણે તે મુલત્વી રહેશે. તમને અને તમારા જીવનસાથીને તમારા લગ્નજીવન માટે કેટલીક મોકળાશની આવશ્યક્તા છે.

**વૃશ્ચિક :**
તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. ખોટા સમયે કશુંક ખોટું ન બાલોઈ જાય તેની તકેદારી રાખજો-તમે જેને ચાહો છો તેને ઠેસ ન પહોંચે તેની તકેદારી રાખજો. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા-બહાર નીકળો અને નવી તકોને શોધો. તમે આજે કેવું અનુભવો છો તે અન્યોને જણાવવા ઉતાવળા ન બનો. આંખો બધું જ કહે છે, અને તમે આજે તમારા જીવનસાથી સાથે આંખોમાં આંખો પરોવી લાગણીસભર વાતચીત કરવાના છો.

**ધન :**
તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો. મિત્રતા ગાઢ બનતા તેનું રૂપાંતર પ્રેમમાં થશે. આજે શરૂઆતથી અંત સુધી કામના સ્થળે તમને સતત સ્ફૂર્તિનો અનુભવ થાય એવો આ દિવસ છે. નવી વિચારોને કસોટીની એરણ પર મુકવા માટે શ્રેષ્ઠ દિવસ. આજનો દિવસ ખરેખર રોમેન્ટિક છે. સારૂં ભોજન, સુગંધ,ખુશી સાથે તમે તમારા જીવનસાથી સાથે ખરેખર અદભુત સમય વિતાવશો.

**મકર :**
અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે. ખોટો સંવાદ અથવા સંદેશ તમારા દિવસને નીરસ બનાવી શકે છે. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો-તમારી શૈલી અને કામ કરવાની નવી રીતો તમને નિકટથી જોનારા લોકોમાં રસ જગાડશે.

**કુંભ :**
આજે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. નાના બાળકો તમને વ્યસ્ત રાખશે તથા આનંદ લાવશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો. નવા ગ્રાહકો સાથે વાટાઘાટો ચલાવવા માટે અદભુત દિવસ. આધ્યાત્મિક ગુરૂ અથવા કોઈક વડીલ તમને માર્ગદર્શન પૂરું પાડશે. કોઈ અન્ય વ્યક્તિની અવળી અસર હેઠળ આવીને તમારા જીવનસાથી તમારી સાથે ઝઘડો કરશે, પણ તમારો પ્રેમ અને સહાનુભુતિ બધું જ બરાબર કરી નુકશે.

**મીન :**
આજે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો. તેમને ફરિયાદ કરવાની કોઈ તક ન આપો. તળાવમાંની સૌથી સુંદર માછલી સાથે આજે મુલાકાત થવાની ઊંચી શક્યતા છે. સ્પર્ધા ઊભી થવાથી કામનું સમયપત્રક વધુ દોડધામભર્યું બની જશે.

# અદાણી પોર્ટ્સ મુન્દ્રાનો પ્રથમ ક્વાટરમાં ૫૧.૨ મિલિયન મેટિક ટન કાર્ગો હેન્ડલિંગનો રેકોર્ડ

### બ્રોકરેજ ફર્મ્સે અદાણી પોર્ટ્સના શેર રેકમેન્ડ કર્યા




મુન્દ્રા તા.૩
અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ કામગીરીમાં સતત નવા સિમાચિહ્નો હાંસલ કરી રહ્યું છે. APSEZ એ જૂન ૨૦૨૪માં કાર્ગો વોલ્યુમમાં ફરી એકવાર નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી નવા બેન્ચમાર્ક સ્થાપિત કર્યા છે. અદાણી પોર્ટ્સ મુન્દ્રાએ નાણાકીય વર્ષ ૨૦૨૪/૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૫૧.૨ MMT હેન્ડલ કરીને નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જે તેના અગાઉના રેકોર્ડ કરતાં ૭.૩% નો વધારો દર્શાવે છે, છેલ્લું સૌથી વધુ કાર્ગો હેન્ડલિંગ વોલ્યુમ ૪૭.૭ MMT હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૩/૨૪ ના ઊ-૩ માં હાંસલ કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ ઉપરાંત અદાણી પોર્ટ્સ મુન્દ્રાએ કન્ટેનર ટ્રેન હેન્ડલિંગમાં નવો રેકોર્ડ બનાવ્યો છે. જૂન ૨૦૨૪ માં ૧,૫૯૪ કન્ટેનર ટ્રેનો હેન્ડલ કરી જેમાં કુલ ૧,૬૮,૦૦૦ કન્ટેનર મુવમેન્ટ થયા હતા. આ રેકોર્ડ અગાઉના રેકોર્ડને વટાવી ગયો હતો,માર્ચ ૨૦૨૪ માં૧,૫૭૩ કન્ટેનર ટ્રેનો હેન્ડલ કરી,૧,૬૨,૦૦૦ કન્ટેનર મૂવમેન્ટનો બનાવ્યો હતો. આંતરરાષ્ટ્રીય સ્તરે APSEZ ની વાર્ષિક કાર્ગો વોલ્યુમ ક્ષમતા ૧૨ ટકા વધીને ૩૭ મિલિયન મેટ્રિક ટન સુધી પહોંચી ગઈ છે. આ કામગીરી અંતર્ગત કન્ટેનરના જથ્થામાં વાર્ષિક ૩૩ ટકાનો વધારો તેમજ પ્રવાહી અને ગેસ કાર્ગોમાં ૮ ટકાનો વધારો નોંધાયો છે. અદાણી ગ્રૂપના પોર્ટ બિઝનેસના વોલ્યુમમાં વાર્ષિક ૨૪ ટકાનો વધારો થયો છે, જેમાં દસ સ્થાનિક બંદરોએ તેમના અત્યાર સુધીના સૌથી વધુ કાર્ગો વોલ્યુમો રેકોર્ડ કર્યા છે.

૩૦ જૂન '૨૪ ના પૂરા થતા ત્રિમાસિક ગાળામાં અદાણી પોર્ટ્સે કુલ ૧૦૯ MMT કાર્ગો વોલ્યુમ નોંધ્યું હતું, જે ગયા વર્ષના સમાન સમય ગાળાની તુલનામાં ૭.૫ ટકાનો વધારો દર્શાવે છે, આ વૃદ્ધિ મુખ્યત્વે કન્ટેનર કાર્ગોમાં ૧૮ ટકા અને પ્રવાહી અને ગેસ કાર્ગોમાં ૧૧ ટકાના વધારાને કારણે થઈ હતી. લોજિસ્ટિક્સ સેગમેન્ટમાં APSEZ એ ત્રિમાસિક રેલ વોલ્યુમમાં ૧૯ ટકાનો વધારો જોયો હતો, જે ૧૫૬,૫૯૦ TEUs સુધી પહોંચ્યો હતો, અને GPWIS વોલ્યુમમાં કુલ ૫.૫૬ સ્ સ્ ૨૮ ટકાનો વાર્ષિક વધારો નોંધાયો હતો.

કટ્ટુપલ્લી બંદરે તેના અત્યાર સુધીના સૌથી વધુ માસિક કાર્ગો વોલ્યુમ ૧.૩૬ MMTનું સંચાલન કર્યું છે. એપ્રિલ ૨૦૨૪માં કંપનીએ અત્યાર સુધીનું સૌથી વધુ માસિક કાર્ગો વોલ્યુમ ૪૨૦ MMT સંભાળ્યું હતું, જે વાર્ષિક ધોરણે ૨૪ ટકાનો વધારો દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે માર્ચ ૨૦૨૪માં ૩૮ MMT કરતાં વધુ માસિક વોલ્યુમ જોવા મળ્યું હતું. એક અહેવાલ પ્રમાણે આ મહિનાની શરૂઆતમાં APSEZનું માર્કેટ કેપિટલાઈઝેશન આશરે ઈ૩૭ બિલિયન સુધી પહોંચ્યું હતું, તે બેઈજિંગ-શાંઘાઈ હાઈ સ્પીડ રેલ્વે કંપનીને પણ વટાવી ગયું હતું. વધતા કાર્ગો વોલ્યુમના આ સીમાચિહ્નરૂપ આંક કંપનીના S&P BSE સેન્સેક્સ ઈન્ડેક્સમાં ઉપરની દિશા સૂચવે છે. APSEZ એ ૩૧ માર્ચ, ૨૦૨૪ના વર્ષમાં ભારતના કુલ કાર્ગોના ૨૭ ટકા અને કન્ટેનર કાર્ગોના ૪૪ ટકાનું સંચાલન કર્યું હતું અદાણી પોર્ટ્સે નાણાકીય વર્ષ ૨૦૨૪માં ભારતના તમામ કાર્ગો વોલ્યુમના ચોથા ભાગ કરતાં વધુનું સંચાલન કર્યું હતું. કંપનીના પર્ફોર્મન્સને જોતા જાણીતા બ્રોકીંગ ફર્મ્સે અદાણી પોર્ટ્સના શેરોના ભાવમાં ઉછાળાની સંભાવના છે.

# અંજારમાં વિશા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિની સમાજ ભવનનું નિર્માણ થશે




અંજાર, તા.૨
અંજારમાં વિશા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિની સમાજવાડીનુ નિર્માણ થશે ભૂકંપ પહેલા અંજારમાં ગંગા બજાર ખાતે જ્ઞાતિની સમાજવાડીનું વિશાળ ભવન હતું. તે ભુકંપમાં ધ્વંસ થયું હતું. જેની જ્ઞાતિ દ્વારા પુનઃ નિર્માણના શુભ અવસરની રાહ જોવાઈ રહી હતી. હવે પાંચ પ્લોટ ખરીદ કરી તેમાં હોલ, પાર્ટીપ્લોટ એ.સી. રૂમ સહિત અદ્યતન નૂતન સમાજવાડીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે ત્યારે વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ સુદ-૨, (અષાઢી બીજ-કચ્છી નવું વર્ષ), તા.૭-૭-૨૦૨૪, રવિવારે સવારે ૧૦-૩૦ કલાકે ભુમિપુજન સમારોહ, બપોરે ૧૨-૩૯ કલાકે ભુમિપુજન રાખવામાં આવ્યુ છે.આ પ્રસંગે અંજાર શહેર તેમજ ભારત ભરમાંથી સમાજની દીકરીઓને ઉપસ્થિત રહેવા ખાસ એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.આ કાર્યક્રમમાં અંજાર ઉપરાંત આદિપુર, ગાંધીધામ, ભુજ, માંડવી, અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ, બેંગલુરુ, ચેન્નઈ, સતના સહિતના શહેરોમાંથી મૂળ અંજારના વતની એવા જ્ઞાતિજનોને કુટુંબ પરિવાર સહિત ઉપસ્થિત રહેવા પ્રમુખ જગદીશ મોહનલાલ સંઘવી, ઉપપ્રમુખ મહેશ મનસુખલાલ દોશી, મંત્રી ભરત પ્રાણલાલ શાહ, સહમંત્રી જયેન્દ્ર ધરમશી પારેખ અને પ્રોજેક્ટ ચેરમેન ડેની (હેમંત) ભાઈ રજનીકાંત શાહ તથા સમસ્ત શ્રી વિશા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિના સર્વે ટ્રસ્ટીગણ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.આ કાર્યક્રમને સફળ બનાવવા કારોબારીના સભ્યો અશોક ભોગીલાલ ગાંધી, અતુલ રસિકલાલ ભણશાળી, જીગ્નેશ રમણીકલાલ દોશી, ડો.રાજેન્દ્ર શાહ, ભાવેશ હિંમતલાલ વોરા, અશોક નાનાલાલ દોશી, કૃણાલ જશવંત શાહ, મૌલિક દીપકભાઈ શાહ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# કચ્છ ભાજપ દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખરજીને રક્તાંજલિ અપાઈ



ભુજ તા.૨
રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા ના પર્યાય પ્રખર રાષ્ટ્રવાદી અને ભારતીય જનસંઘ ના સ્થાપક અધ્યક્ષ તેમજ જેમણે દેશ અને સમાજ હિતને જ કેન્દ્ર માં રાખતી એક નવી જ રાજકીય સંસ્કૃતિ જન્માવી એવા ડો. શ્યામાપ્રસાદ મુખરજીના બલિદાન દિવસે પ્રદેશ ભાજપ અધ્યક્ષ પ્રશાંત કોંરાટની સૂચના મુજબ જિલ્લા યુવા ભાજપ અધ્યક્ષ તાપસ શાહની આગેવાનીમાં કચ્છ જિલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા રક્તદાનનો કાર્યક્રમ યોજીને ડો. શ્યામાપ્રસાદ મુખરજીની દેશકાજે શહાદત બદલ રક્તાંજલિ અર્પણ કરીને એક અનોખી પહેલ કરી હતી.ભુજમાં જી. કે. જનરલ હોસ્પીટલ ખાતે ભુજ તાલુકા યુવા ભાજપ દ્વારા અને શહેરની જીવનજ્યોત બ્લડ બેંક ખાતે ભુજ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજી વરચંદની ઉપસ્થિતિમાં રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્ર પ્રજાપતિ, ઉપપ્રમુખ પચાણ સંજોટ, મંત્રી પ્રફુલસિંહ જાડેજા, ભુજ શહેર ભાજપ અધ્યક્ષ બાલકૃષ્ણ મોતા, મહામંત્રી ભૌમિક વચ્છરાજાની, ભુજ નગરપાલિકા શાસક પક્ષના નેતા કમલ ગઢવી, તાલુકા મહિલા મોરચા અધ્યક્ષ પલ્લવી ઉપાધ્યાય, શહેર યુવા ભાજપના પ્રમુખ દિવ્યરાજસિંહ ઝાલા, તાલુકા યુવા ભાજપના પ્રમુખ કિરણ શિયાણી, ભરત આહીર, રમેશ રબારી, સંજય આહીર, નિલય ગોસ્વામી, વિજય રાજપૂત, હાર્દિક રાજગોર, વિનેશ ભાનુશાલી, રાહુલગીરી ગોસ્વામી, શ્રવણસિંહ વાઘેલા, દિપક ડાંગર વગેરે અગ્રણીઓ હાજર રહ્યા હતા. જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજી વરચંદે યુવા મોરચાની આ માનવલક્ષી કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત માંડવી ખાતે ધારાસભ્ય અનિરુદ્ધ દવેની ઉપસ્થિતિમાં માંડવી શહેર અને તાલુકા યુવા મોરચા દ્વારા પણ રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં માંડવી શહેર ભાજપ પ્રમુખ દેવાંગ દવે, માંડવી નગરપતિ હરેશ વિંઝોડા, માંડવી શહેર ભાજપ મહામંત્રી કિશનસિંહ જાડેજા, કમલેશ ગઢવી, કૃણાલ મહેશ્વરી, માંડવી શહેર ભાજપ યુવા મોરચા અધ્યક્ષ દર્શન ગોસ્વામી, માંડવી તાલુકા ભાજપ યુવા મોરચા અધ્યક્ષ ગોપાલ ગઢવી વગેરે ઉપસ્થિત રહ્યા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવી અને સહ ઈન્ચાર્જ ચેતન કતીરાની યાદીમાં જણાવાયું હતું.

# ગાંધીધામની મહિલાના હૃદયનું પમ્પિંગ નબળું છંતા બચાવી લેવાઈ

### પેટમાં છ માસના ગર્ભનું મૃત્યુ થતાં સિઝેરિયન કરાયું અને માતાનું ઓક્સિજન લેવલ ઘટવા છતાં ડોક્ટરોની મહેનત રંગ લાવી જી.કે.જનરલ અદાણી હોસ્પિટલના ગાયનેક અને એનેસ્થેસિયા ટીમની ૭ દિવસની જહેમત રંગ લાવી ફેફસામાં પાણી ભરાવાની જટિલ સ્થિતિ પણ સર્જાઈ હતી



ભુજ તા.૨
ગાંધીધામની મહિલાના પેટમાં છ માસના ગર્ભનું મૃત્યુ થતાં શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટતું જતું હતું. અધૂરામાં પૂરું હૃદયના નબળાં પંપિંગ ને કારણે બીજી અનેક જટિલતા વચ્ચે પણ જી.કે.જનરલ અદાણી હોસ્પિટલના ગાયનેક અને એનેસ્થેસિયા વિભાગે વેન્ટિલેટરની સળંગ સાત દિવસની સારવાર બાદ બચાવી લીધી હતી. જી.કે.ના સ્ત્રી રોગ નિષ્ણાત ડો. વિનોદ મકવાણાએ ગાંધીધામની ૨૭ વર્ષીય અલ્કાબેન પરમારના ઓપરેશન બાદ કહ્યું કે, આ બહેનના શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટવાને લીધે ત્યાંથી અત્રે રીફર કરવામાં આવ્યા હતા. અત્રે તપાસ કરતાં મહિલાના પેટમાં રહેલા બાળક મૃત હતું. મૃત બાળકને સિઝેરિયન દ્વારા બહાર લીધું પણ ઓક્સિજનનું નિયમન ન હોવાથી દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યું. સામાન્ય રીતે આવા બનાવમાં એક દિવસ વેંટી ઉપર મૂક્યા પછી ઓક્સિજન રાબેતા મુજબ થઈ જાય પણ આ કેસમાં મહિલાનું હૃદય ઓછું પમ્પિંગ કરતું હોવાથી ફેફસામાં પાણી ભરાતું. આ બધું એક સાથે જોવા મળે તો દર્દીને બચાવવું મુશ્કેલ બની જાય.ડો.મકવાણાના જણાવ્યા મુજબ આ કેસમાં એનેસ્થેસિયા ટીમની ભૂમિકા પ્રભાવશાળી હતી. દર્દીને ફરી વેન્ટિલેટર ઉપર મૂકી તેના પર આ ટીમે સતત મોનીટરીંગ કર્યું, છેવટે સાતમાં દિવસે ઓક્સિજન કંટ્રોલ થયું અને તબક્કાવાર વેન્ટિલેટર હટાવવાની કાર્યવાહી કરી અને દર્દીનો છેવટે જીવ બચી ગયો. સ્ત્રીરોગ વિભાગના ડો.પ્રકૃતિ પટેલ, ડો.આરઝુ પટેલ, ડો.ખ્યાતિ, ડો.ધરની પટેલ, ડો.મુસ્કાન દોશી તેમજ એનેસ્થેસિયાના તબીબો ડો.પૂજા ફુમકિયા, ડો.જહાનવી પંચાલ, ડો.ભૂમિકા ગણવિત અને ડો.અભિસાર ચૌધરી સારવાર અને ઓપરેશનમાં જોડાયા હતા. અલ્કાબેનના બે બાળકો છે માતાનો બચાવ થતાં એક જીવ સાથે બીજા બે ને પણ પરોક્ષ જીવન મળ્યું હતુ.

# સહકારી ક્ષેત્રની સૌથી મોટી બેંકના ચેરમેન તરીકે પાંચમી વાર ડાડાની વરણી

### સહકારી ક્ષેત્રની કચ્છ જિલ્લાની સૌથી મોટી કચ્છ ડિસ્ટ્રીક સેન્ટ્રલ કો-ઑપરેટિવ બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન પદ માટે અન્ય કોઈ ઉમેદવારી ન નોંધાવતા બીજા અઢી વર્ષ માટે ચેરમેન પદે દેવરાજ ગઢવી અને વાઈસ ચેરમેન પદે અંબાવી વાવિયા બિનહરીફ જાહેર થયા





ભુજ તા.૨
સહકારી ક્ષેત્રની રોકાણ કરતી જિલ્લાની સૌથી મોટી બેંક કચ્છ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકના ચેરમેન પદની ચૂંટણી પ્રક્રિયા બુધવારે યોજાઇ હતી જેમાં ફરી ચેરમેન અને વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી થઈ હતી. વર્તમાન ચેરમેનને યથાવત રખાશે કે, નવાને સ્થાન અપાશે તેની ચર્ચા લાંબા સમયથી ચાલતી હતી અને આજે ચુંટણી પ્રક્રિયા પર સૌની મીટ મંડાઈ હતી, પરંતુ બુધવારે તેના પરથી પડદો ઉચકાયો હતો. અને દેવરાજ ગઢવી ચેરમેન તરીકે જાહેર કરાયા હતા. જિલ્લાભરના મોટી સંખ્યામાં ખેડૂત ખાતેદાર ધરાવતી કે.ડી.સી.સી. બેંકના વર્તમાન ચેરમેનની અઢી વર્ષની મુદત પૂર્ણ થતાં ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી ત્યારે આ પદ માટે દેવરાજ ગઢવીને પુનઃ રિપીટ કરાયા હતા બુધવારે નાયબ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને સવારે ૧૧-૩૦ કલાકે યોજાયેલી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન અન્ય કોઈની દાવેદારી ન આવતા દેવરાજ ગઢવીને ચેરમેન પદ માટે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. બેંક દ્વારા ખેડુતો માટે કરાયેલા કાર્યો અને આગામી સમયમાં બેંક દ્વારા ખેડુતોના હિતમા થનારા કામો અંગે વર્તમાન ચેરમેન એ માહિતી આપી હતી. તો દેવરાજ ગઢવી તથા અન્ય હોદ્દેદારો ની નિમણુંક સાથે તેના સમર્થકો, રાજકીય સામાજીક આગેવાનો સહિતના લોકો શુભેચ્છા આપવા માટે દોડી આવ્યા હતા. ચુંટણી સાથે તાજેતરમાં કે.ડી.સી.સી બેંકની રાપરની શાખામાં થયેલા ગોટાળા નો મામલો ચર્ચામાં રહ્યો હતો. બેંકના ગ્રોથને વધારવા સાથે થાપણદારો અને ગ્રાહકોને સંતોષકારક સેવાઓ આપવા ટીમે કટ્ટીબંધતા દર્શાવી હતી

# ગાંધીધામ વિસ્તાર સત્તા મંડળનો મામલો મુખ્ય મંત્રી કાર્યાલયે પહોંચ્યો

ગાંધીધામ તા.૩
ગાંધીધામ વિસ્તાર સત્તા મંડળમાં કન્સલ્ટિંગ આર્કિટેક્ટ તરીકે સલોની ઠક્કરની નિમણૂંક અને જ્યારે તેઓ ગાંધીધામ ડેવલપમેન્ટ ઓથોરિટીમાં જવાબદાર પદ પર ચાલુ હતા તે દરમિયાન તેમના પિતા દ્વારા રહેણાક પ્લોટ પર "આરમાયા" નામનો ગેરકાયદેસર નિર્માણ કરેલ કૉમર્શિઅલ કોમ્પલેક્ષ અંગે લેખિત ફરિયાદો કરવા છતાં જી.ડી.એ. ના અધિકારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં નહિ આવતા અહીંના જાગૃત નાગરિક રવીન્દર સબરવાલે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી, જે રજૂઆતને ધ્યાને લઈ તારીખ ૨૯/૦૬ ના રોજ તેમની રજૂઆતને સ્વાગત કાર્યક્રમ હેઠળ નોંધણી કરી, મુખ્ય મંત્રી કાર્યાલયમાં કલેક્ટર તરીકે ફરજ બજાવતા અધિકારીએ અગ્રસચિવ શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગને પત્ર સાથે રજૂઆત મોકલી સલોની ઠક્કરની સેવાઓને સમાપ્ત કરી તેમની સામે તપાસ સોંપવા અને તેમના પિતા દ્વારા બનાવેલ "આરમાયા" નામનો વાણિજ્ય સંકુલને સીલ મારવા અંગેની રજૂઆતને ચકાસીને નિયમ અનુસાર કાર્યવાહી કરવા તથા કરેલ કાર્યવાહીની વિગતો મુખ્ય મંત્રીની કચેરી તેમજ સંબંધિતોને કરવા આદેશ કરાયો છે. અરજદારને સ્થાનિક અધિકારીઓ પાસેથી જાણવા મળેલી વિગત અનુસાર હાલે પોરબંદર સ્થિત એક આઈ.એ.એસ અધિકારી દ્વારા સ્થાનિક અધિકારીઓ પર કાર્યવાહી નહિં કરવા દબાવ બનાવી રહ્યા છે, જે અંગે પણ વિગતો મેળવી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે એવું રવીન્દર સબરવાલની યાદીમાં જણાવાયું હતું.

# નેત્રામાં પંચાયત દ્વારા દબાણ હટાવવા સામુહિક નોટીશ અપાઈ

### નખત્રાણા તાલુકા કોંગ્રેસે લોકોનો રોજગાર છીનવવાનો પ્રયાસ ગણાવ્યો

રવાપર તા.૩
નખત્રાણા તાલુકાના માતાજીના નેત્રા ખાતે પંચાયત તંત્ર દ્વારા ૬૦ થી વધુ લોકોને દબાણ હટાવવા નોટીશ સહિત કોર્ટમાં કેવિએટ દાખલ કરી સતા પક્ષ લોકોના ધંધા રોજગાર છીનવવા માંગે છે તેવો આક્ષેપ કરી નખત્રાણા તાલુકા કોંગ્રેસે વખોડી કાઢી જરૂર પડ્યે આ મુદે લોકો સાથે રહી છેવટ સુધી લડત આપવાની તંત્રને ચીમકી આપી દબાણકારો પ્રત્યે સહાનુભુતિ દર્શાવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ પંચાયત દ્વારા ૫૦ વરસોથી વ્યવસાય કરી રોજગાર મેળવતા ૬૦ થી વધુ વેપારીઓને અચાનક નોટીશ ઈસ્યુ કરી ભય ઉભો કરાયો છે, તાલુકા કોંગ્રેસે જ્યાં સુધી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઉભી ન કરાય ત્યાં સુધી પંચાયતથી માંડી ડેપ્યુટી કલેકટર સુધી રજુઆત કરી 'જરૂર પડ્યે' કાયદામાં રહી લડત કરશે તેવી વાત કરી હતી. તા.પં. સભ્ય હરિભાઈ ચારણે લડતને વ્યાજબી ગણાવી હતી, તો તા.પં. વિપક્ષી નેતા કેતન પાંચાણીએ તંત્ર માનવતાવાદી નિર્ણય લઈ ૫૦ વરસોથી રોજગાર કરી ગુજરાન ચલાવતા લોકો માટે કાર્યવાહીની માંગ કરી હતી. તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશ આયર, પૂર્વ વિપક્ષી નેતા અશ્વિન રૂપારેલે પણ આ બાબતે લોકોને બેરોજગાર બનાવતા કૃત્યને સાંખી નહીં લેવાય તેવું જણાવી આ પગલાને રાજકિય ગણાવ્યું હતું, તેમનો દાવો કર્યો હતો કે નેત્રા હમેંશા કોંગ્રેસ સાથે રહ્યું છે.

# ખરીફ પાકોમાં કાતરાનું સંકલિત વ્યવસ્થાપન કરવા પગલા સૂચવાયા

ભુજ તા.૨
ખરીફ પાકોમાં કાતરા(હેરી કેટરપિલરા)નું સંકલિત વ્યવસ્થાપન માટે ખેડૂતોને સાવચેતીના પગલા સૂચવવામાં આવ્યા છે, જેમાં શેઢા-પાળા પરથી ઘાસ દૂર કરવું, પ્રથમ વરસાદ બાદ શેઢા-પાળાનાં ઘાસમાં મુકેલ ઈંડાના સમુહનો નાશ કરવો.

પ્રથમ વરસાદ બાદ હેક્ટર દીઠ એક પ્રકાશ પિંજરનો ઉપયોગ કરી ફૂદીઓને આકર્ષિ નાશ કરવો. લીંબોળીના મીંજનો ભૂકો અથવા લીમડાના પાન ૫૦૦ ગ્રામ (૫% અર્ક) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો, પ્રથમ વરસાદ બાદ ૮ થી ૧૦ દિવસે શેઢાપાળા ઉપર અથવા ઊભા પાકમાં કાતરાનું નુકસાન જોવા મળે તો કિવનાલફોસ ૧.૫ ટકા ભૂકી ૨૫ કિ.ગ્રા./હે. પ્રમાણે છંટકાવ કરવો. વધુ ઉપદ્રવ જણાયતો થાયોડીકાર્બ ૭૫ વેપા ૧૫ ગ્રામ અથવા ઈન્ડોકઝાકાર્બ ૧૫.૮ ઈસી ૪ મિ.લિ. અથવા એમામેક્ટીન બેન્ઝોએટ ૫ એસજી ૪ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ જીવાત માટે જે દવા છે તે ભલામણ મુજબ અનુસરવા જણાવવામાં આવે છે.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક,વિસ્તરણ અધિકારી,ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવાયું છે.

# FILMY ગપશપ

### એ.આર.રહેમાને કહ્યું, અમારા માટે આ ફિલ્મ ઘણી ખાસ છે

## ગ્રેમી- ઓસ્કાર વિજેતા રહેમાનની ફિલ્મનું પ્રીમિયર ઓસ્ટ્રેલિયામાં થશે

**રોહિત ગુપ્તાએ ડિરેક્ટ કરેલી ડોક્યુમેન્ટરી 'હેડ હંટિંગ ટુ બીટ બોક્સિંગ'ના પ્રોડ્યુસર રહેમાન છે**



મુંબઈ, તા.૩

એ.આર. રહેમાને પ્રોડ્યુસ કરેલી અને રોહિત ગુપ્તા દ્વાર ડિરેક્ટ કરેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ 'હેડ હંટિંગ ટુ બીટ બોક્સિંગ'નો પહેલો લૂક ૭૭મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં રજૂ કરવામાં આવ્યો હતો. ઓસ્કાર અને ગ્રેમી એવોર્ડ વિજેતા એ.આર.રહેમાનની આ ફિલ્મનું પ્રિમિયર હવે ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબર્ન ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયા ખાતે યોજાશે. આ ફિલ્મમાં ભારતનાં નાગાલેન્ડની વિવિધ રીધમ, તેના વાજિંત્રોના નાદ, વિવિધ પ્રકારના સંગીતના સંસ્કૃતિમાં રહેલાં મૂળ અને તેમાં આવી રહેલાં પરિવર્તન, નાગાલેન્ડની વિવિધ આદિજાતીઓ, તેમની પેઢીઓ અને પરંપરાઓ પર ડોક્યુમેન્ટરી બનાવવામાં આવી છે. તેમાં શિકારી પ્રજાતિઓની પૌરાણિક પરંપરાઓથી લઈને સંગીતની ક્રાંતિ અને તેણે સમગ્ર પ્રદેશના શ્રોતાઓ પર કરેલી ઊંડી અસર દર્શાવાઈ છે. આ ફેસ્ચિવલમાં ફિલ્મના પ્રિમિયર વિશે એ.આર.રહેમાને કહ્યું,"અમારા માટે આ ફિલ્મ ઘણી ખાસ છે, કારણ કે તે આપણા સુંદર રાજ્ય નાગાલેન્ડ પર પ્રકાશ પાડે છે અને તેનાં સંગીતના ઈતિહાસ ને તેના સમૃદ્ધ વારસાને દર્શાવે છે." આ ફેસ્ટિવલમાં રોહિત ગુપ્તા અને રહેમાન હાજર રહેશે, આ ફિલ્મ બેસ્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મ એવોર્ડ માટેની સ્પર્ધાનો પણ ભાગ છે. રોહિત ગુપ્તાએ આ અંગે કહ્યું, "અમે આ સ્પર્ધામાં પસંદગી પામવા માટે ગૌરવ અનુભવીએ છીએ. મને લાગે છે કે તેની વાર્તામાં ગ્લોબલ અપીલ છે, જે સંગીતની કોઈ પણ સ્થિતિમાં મલમનું કામ કરવાની અમૂલ્ય શક્તિ દર્શાવે છે. અમે ખુબ મહેનત અને સંઘર્ષથી પાંચ વર્ષે આ ફિલ્મ બનાવી છે, ત્યારે અમે હવે તેના પર દર્શકોના પ્રતિભાવ જાણવા આતુર છીએ. ખાસ કરીને આ ફિલ્મ ભારતમાંથી નાગાલેન્ડના સમૃદ્ધ સાંસ્કૃતિક અને સંગીતના વારસાનો અનોખો નાદ લઈને આવે છે." અન્ય ફિલ્મ મેકર્સ દૂર રહેતાં હોય તેવા વિષય પર ફિલ્મ બનાવવાનું રહેમાનને ગમે છે. આ ફિલ્મ એ.આર. રહેમાનનું બીજું પ્રોડક્શન છે, આ પહેલાં તેણે '૯૯ સોંગ્સ' પ્રોડ્યુસ કરી હતી, જે બુસાન ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રિમિયર થઈ હતી.

### અભિજીત ભટ્ટાચાર્ય ૯૦ના દાયકાના એક જાણીતા ગાયક છે

## શાહરૂખના ગીતમાં એવોર્ડ બાદ ગાયક અભિજીતનું અપમાન થયું

**તાજેતરમાં તેમણે પોતાને સહન કરવા પડેલાં અપમાન અને અન્યાયની વાત કરી હતી**




મુંબઈ, તા.૩

અભિજીત ભટ્ટાચાર્ય ૯૦ના દાયકાના એક જાણીતા ગાયક છે. તાજેતરમાં તેમણે આપેલો એક ઈન્ટરવ્યૂ ચર્ચામાં છે, જેમાં તેણે પોતાને સહન કરવા પડેલાં અપમાન અને અન્યાયની વાત કરી હતી. અભિજિતે જણાવ્યું કે તેણે શાહરૂખ ખાનની ફિલ્મ 'યસ બોસ'માં એક ગીત ગાયું હોવાથી એ વખતે સંગીતકારોએ તેને ગીત આપવાનું બંધ કરી દીધું હતું અને તેનું અપમાન કર્યું હતું. અભિજિતે કહ્યું કે તેને 'યસ બોસ'ના ગીત માટે એવોર્ડ મળ્યો અને કેટલાંક સંગીતકારોએ ઈરાદાપૂર્વક કહ્યું કે, તેઓ મને ગાયક ગણતાં નથી અને ગાવા માટે યોગ્ય નથી માનતા. અભિજીતે એ ટીકાથી અપમાનિત થવાની સાથે તેને એક પ્રેરણા તરીકે પણ લીધું હતું.


અભિજિતે કહ્યું,"મારી સાથે ઘણું બન્યું છે, એવું થતું કે મ્યુઝિક ડિરેક્ટરને જેવી ખબર પડતી કે મને શાહરૂખ ખાનની ફિલ્મ મળી ગઈ.એ મારાથી ગમે તેટલો નજીક હોય તો પણ એવું લાગતું હતું કે જાણે તેનો ઈરાદો જ હોય કે અભિજિતને ગવડાવીશ નહીં." આગળ અભિજિતે કહ્યું,"જ્યારથી મને એવોર્ડ મળ્યો અને 'યસ બોસ'કોઈ બ્લોક બસ્ટર ફિલ્મ નહોતી, ગીત પણ બ્લોક બસ્ટર નહોતું. પરંતુ એ વખતે બધા બ્લોક બસ્ટર વચ્ચે એક નોન બ્લોક બસ્ટર ગીત હતું. બોર્ડર, પરદેસ, દિલ તો પાગલ હૈ, એની વચ્ચે મને એવોર્ડ મળી ગયો. સંગીતકારોને એવું લાગ્યું કે મને જાણી જોઈને કહેતાં કે તારી પાસે તો ગીત નહીં જ ગવડાવીએ." ૧૯૯૭માં અઝિઝ મિર્ઝાએ ડિરેક્ટ કરેલી અને શાહરૂખ ખાન અને જૂહી ચાવલા લીડ રોલમાં હતાં એવી રોમેન્ટિક કોમેડી ફિલ્મ 'યસ બોસ'માં અભિજિતે છમાંથી ચાર ગીતો ગાયાં હતાં. જેમાં 'મૈં કોઈ ઐસા ગીત ગાઉં', 'ચાંદ તારે', 'સુનિયે તો', 'જાતા હૈ તું કહાં' આ ચાર ગીતો અભિજિતે ગાયાં હતાં. અભિજિતને 'મેં કોઈ ઐસા ગીત ગાઉં' મે એવોર્ડ મળ્યો હતો.



સુસ્મિતા સેનને તેની રિલેશનશિપને કારણે ઘણી વાર ગોલ્ડ ડિગર કહેવામાં આવી છે. આ જ વસ્તુ રિયા સાથે પણ થઈ હતી. સુશાંત સિંહ રાજપૂતની રિલેશનશિપને કારણે તેને પણ ગોલ્ડ ડિગર કહેવામાં આવી હતી. રિયાએ કહ્યું હતું કે 'તમને ખબર છે કે તમારા કરતાં પણ મોટી ગોલ્ડ ડિગર છે? મને ખૂબ જ મોટી ગોલ્ડ ડિગર કહેવામાં આવે છે.'



તમન્નાએ હાલમાં બે ડીલ કરી છે. પહેલી ડીલમાં તેણે મુંબઈના જુહુતારા રોડ પર ૬૦૬૫ સ્ક્વેર ફીટની કમર્શિયલ પ્રૉપર્ટી રેન્ટ પર લીધી છે અને એ માટે તેણે નાણાવટી કન્સ્ટ્રક્શન સાથે પાંચ વર્ષની ડીલ કરી છે. પહેલાં ત્રણ વર્ષ માટે એક મહિનાનું ભાડું ૧૮ લાખ રૂપિયા, ચોથા વર્ષ માટે ૨૦.૧૬ લાખ અને પાંચમા વર્ષ માટે ૨૦.૯૬ લાખ રૂપિયા ભાડું છે. એ પ્રૉપર્ટી ગિરવી રાખવાની કિંમત ૭.૮૪ કરોડ રૂપિયા છે. આ ડીલ ૧૪ જૂને થઈ હતી અને એને માટે તમન્નાએ ૪.૭૦ લાખ રૂપિયા સ્ટૅમ્પ-ડ્યુટીના ચૂકવ્યા છે.



રાશિ ખન્નાને હવે મહેશ બાબુ અને પ્રભાસ સાથે કામ કરવું છે. રાશિએ ૨૦૧૩માં જૉન એબ્રાહમની 'મદ્રાસ કૅફે'માં સપોર્ટિંગ રોલ દ્વારા કરીઅરની શરૂઆત કરી હતી. ત્યાર બાદ તેણે સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણું કામ કર્યું છે. તેણે અજય દેવગન સાથે વેબ-સિરીઝ 'રુદ્રા' અને શાહિદ કપૂર સાથે વેબ-શો 'ફર્ઝી'માં કામ કર્યું છે.

## ખતરોં કે ખિલાડી ૧૪માં દિકરી ક્રિશ્નાના જેકી શ્રોફે વખાણ કર્યા



મુંબઈ, તા.૩

જેકી શ્રોફની દિકરી અને ટાઈગર શ્રોફની બહેન ક્રિશ્નાએ સ્ટંટ આધારીત રિયાલિટી શો ખતરોં કે ખિલાડીમાં ભાગ લીધો છે. આ વખતે શોની ૧૪મી સીઝન રોમાનિયામાં શૂટ થઈ રહી છે, ત્યારે ક્રિશ્ના આ શોમાં તેના ડર પર જીત મેળવી રહી છે. હવે આ શો તેના અંતિમ પડાવમાં પહોંચી રહ્યો છે, તેનો નવો પ્રમોશનલ વીડિયો જાહેર કરવામાં આવ્યો છે. આ વીડિયોમાં જેકી શ્રોફ ઉત્સાહપૂર્વક દિકરી ક્રિશ્નાને સપોર્ટ આપતા જોવા મળે છે. આ પ્રોમોમાં ક્રિશ્ના એક સ્ટંટ કરતી વખતે રમુજી રીતે 'ભીડુ બચા'ની બૂમ પાડતી પણ જોવા મળે છે. આ પ્રોમોમાં ક્રિશ્ના એક સ્વીમિંગ પુલમાંથી બહાર આવતી દેખાય છે. તેનો ઉત્સાહ વધારવા માટે તેના પિતાનો વીડિયો કોલ આવે છે. ક્રિશ્ના આ શોને પોતાના માટે મોટી તક ગણાવે છે.

જેકી ફોનમાં તેને કહે છે, 'તેરે કો લગતા હે કે તુને ખતરોં કે ખિલાડી મેં જાકે, સહી કામ કિયા હે? મારામાં એટલી તાકાત નથી કે જઈને હું ખતરો કે ખિલાડી કરું, મગર તેરે કો માનતા હું ભીડુ.' ત્યારે ક્રિશ્ના તેમને કહેતી સંભળાય છે કે બધું જ સારું થશે અને કહે છે કે, "બિંદાસ ભીડુ". જેકી શ્રોફ પણ વિશ્વાસથી કહે છે, "જય માઈ કી, ચિંતા કાઈ કી, ટેન્શન નહીં લેવાનું, ઉપરવાલા મજબૂત."

## બોબી દેઓલે એકનાથ શિંદે સાથે 'ધરમવીર ૨'નું પોસ્ટર જાહેર કર્યું





મુંબઈ, તા.૩

બોબી દેઓલે તાજેતરમાં જ 'ધરમવીર ૨' ફિલ્મનું પોસ્ટર રિલીઝ કર્યું છે. આ પ્રસંગે તેની સાથે મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે અને ફિલ્મના અન્ય કલાકારો પણ હાજર રહ્યા હતા. આ ફિલ્મ શિવસેનાના ભૂતપૂર્વ નેતા આનંદ દિઘેના જીવન અને તેમની પરંપરા પર ઊંડાણપૂર્વક બનાવવામાં આવી છે. આ કાર્યક્રમમાં ફિલ્મમાં આનંદ દિઘેનો રોલ કરનાર પ્રસાદ ઓક અને ફિલ્મના ડિરેક્ટર પ્રવીણ તારડે પણ હાજર રહ્યા હતા.

આ કલાકારોના અભિનયના ફિલ્મના પ્રથમ ભાગમાં ઘણાં વખાણ થયા હતા. આ અંગે બોબી દેઓલે ઉત્સાહપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેણે કહ્યું,"આ ઉજવણીનો ભાગ બનવું એ મારા માટે ગૌરવની વાત છે. ફિલ્મના પહેલા ભાગમાં બધાનું પ્રદર્શન બહુ જ સારું હતું અને હું એકનાથ શિંદેને પણ તેમની સરકારના ૨ વર્ષ પૂરા કરવા પર અભિનંદન પાઠવું છું." જ્યારે શિંદેએ કહ્યું હતું,"આનંદ દિઘે માત્ર શિવસેનાના નેતા નહીં પણ મારા ગુરુ હતા. તેમનું જીવન અને તેમનું પ્રદાનિ આજે પણ અમને પ્રેરિત કરે છે. તેમની પરંપરાના ફિલ્મ સ્વરૂપે રજૂ કરતાં હું ગૌરવ અનુભવું છું." ફિલ્મના પહેલા ભાગમાં આનંદ દિઘેના જીવનને આધારભૂત રીતે દર્શાવવા પર ફિલ્મના વખાણ પણ થયા હતા અને ફિલ્મને બોક્સ ઓફિસ પર પણ સફળતા મળી હતી. હવે બીજા ભાગમાં તેમના જીવનને વધુ ઊંડાણપૂર્વક દર્શાવાયું છે. આ ફિલ્મ ૯ ઓગસ્ટે થિએટરમાં રિલીઝ થશે.

## બોલિવુડ કે ક્રિકેટ શેમાં કરિયર બનાવશે કરીના અને સૈફ અલીનો દિકરો



મુંબઈ, તા.૩

કરીના કપૂર અને સૈફ અલી ખાન પોતાના બાળકોને ક્રિકેટ ટ્રેનિંગ પણ આપી રહ્યા છે. હાલમાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં સૈફ તેના મોટા દિકરા તૈમુરને ક્રિકેટ એકેડમી લઈ ગયો હતો. તેમજ સૈફ અલી ખાન તેના પરિવાર અને ક્રિકેટ વચ્ચેના સંબંધને લઈ વાત કરી રહ્યો છે. કરીના કપૂર ખાન અને સૈફ અલી ખાનને ૨૦૧૨માં લગ્ન કર્યા છે અને બંન્નેને ૨ બાળકો છે. મોટા દિકરાનું નામ તૈમુર અને નાના દિકરાનું નામ જહાંગીર છે. તેમના બાળકો પણ માતા-પિતાની જેમ ફેમસ થઈ ગયા છે. આ સ્ટાર જોડીએ પોતાના બાળકોને તમામ સુખ સુવિધાઓ પુરી પાડી રહ્યા છે અને સમય સમય પર સૈફ અને કરીના પોતાના બંન્ને બાળકોની સાથે ક્વોલિટી ટાઈમ પસાર કરતા પણ જોવા મળે છે.હાલમાં એક ક્રિકેટ એકેડમીમાંથી સૈફ અલી ખાન અને તેના દિકરા તૈમુરનો એક વીડિયો સામે આવ્યો છે. અભિનેતા પોતાના દિકરાને ક્રિકેટ વિશે માહિતી આપી રહ્યો છે સાથે તેના પરિવારના ઈતિહાસ વિશે પણ જણાવી રહ્યો છે. સૈફ તુમરને કાઉન્ટી વિશે સમજાવી રહ્યો છે. તેના દાદા વોર્સેસ્ટરશાયર માટે રમતા હતા. સૈફે તૈમુરને એ વાત પણ કરી કે, તેના પિતા મંસૂર અલી ખાન પટૌડીએ કેપ્ટનશીપ પણ કરી હતી.ઈન્ટરનેશનલ ક્રિકેટ માસ્ટર્સે યુકેના ઈનસ્ટાગ્રામ પેજ પર શેર કરેલા એક વીડિયોમાં સૈફ અને કરીના મોટા દિકરા તૈમુરને લૉર્ડસના ઈનડોર નેટ પ્રેક્ટિસ કરતા જોવા મળી રહ્યા છે. તૈમુર બેટ સાથે શોર્ટ મારતા પણ જોવા મળી રહ્યો છે. બીજા વીડિયોમાં તૈમુરે પોતાના પિતાને યોર્કર નાંખ્યો અને સૈફ પોતાના બેટથી શોર્ટ માર્યો હતો. હાલમાં કરીના કપૂર અને સૈફ અલી ખાન લંડનમાં રજાઓ માણી રહ્યા છે. થોડા દિવસો પહેલા અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર કેટલાક ફોટો શેર કર્યા હતા.કરીના કપૂરે હાલમાં કોમેડી ફિલ્મ ક્રૂમાં પોતાના શાનદાર પરફોર્મન્સથી ચાહકોને ખુશ કર્યા છે. તે હંસલ મહેતાની અપકમિંગ ફિલ્મ ધ બકિંઘમ મર્ડર્સમાં જોવા મળશે. જે સપ્ટેમ્બર ૨૦૨૪માં રિલીઝ થશે.

# SPORTS કોર્નર

### બુમરાહે બનાવી દીધો અનોખો વર્લ્ડ રેકોર્ડ

## બુમરાહ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તો બન્યો પરંતુ તેના ખાતામાં એક પણ રન નથી

નવી દિલ્હી, તા.૩

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ ટુર્નામેન્ટ હાલમાં જ પૂરી થઈ અને ભારતે આ ટુર્નામેન્ટ જીતી લીધી. જેમાં બોલરોનું જબરદસ્ત પરફોર્મન્સ જોવા મળ્યું. જો કે બેટર્સ માટે આ ટુર્નામેન્ટ થોડી પડકારજનક રહી. આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪નો ખિતાબ ટીમ ઈન્ડિયાએ જીત્યો અને જસપ્રીત બુમરાહ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર થયો. બુમરાહે આ એવોર્ડ જીતતાની સાથે જ એક અનોખો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો. તેણે કઈક એવું કર્યુ કે જે કોઈ કરી શક્યું નથી. જસપ્રીત બુમરાહે કઈક એવું કરીને દેખાડ્યું છે કે જે મેન્સ કે વીમેન્સ ટી૨૦ વર્લ્ડ કપ માં મળીને પણ કોઈ કરી શક્યું નથી. બુમરાહ ટી૨૦ વર્લ્ડ કપ ઈતિહાસનો પહેલો એવો ખેલાડી બન્યો છે જે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તો બન્યો પરંતુ તેના ખાતામાં એક પણ રન નથી. ટુર્નામેન્ટમાં બુમરાહને ફક્ત એક જ વખત બેટિંગ કરવાની તક મળી અને તેમાં તે ગોલ્ડન ડકનો ભોગ બન્યો હતો. ટીમ ઈન્ડિયાએ સમગ્ર ટુર્નામેન્ટમાં કુલ ૯ મેચ રમી, જેમાંથી બાકીની આઠ મેચોમાં તો બુમરાહને બેટિંગની તક જ નહતી મળી. બુમરાહે ટી૨૦ વર્લ્ડ કપમાં કુલ ૧૫ વિકેટ લીધી અને ટીમ ઈન્ડિયાના સૌથી મોટા ગેમ ચેન્જર તરીકે ઊભરી આવ્યો. ભારતીય ટીમ જ્યારે જ્યારે હારની કગારે પહોંચી ત્યારે બુમરાહે પોતાની બોલિંગથી મેચનું પાસું પલટી નાખ્યું. ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં બુમરાહનો ઈકોનોમી રેટ ૪.૧૭નો રહ્યો જે કોઈ પણ મેન્સ ટી૨૦ વર્લ્ડ કપમાં ૧૦૦થી વધુ બોલ ફેંકનારા બોલરોમાં બેસ્ટ ઈકોનોમી રેટ છે. બુમરાહની બોલિંગમાં સમગ્ર ટુર્નામેન્ટમાં કુલ ૧૨ વાર એવું બન્યું કે બોલ બાઉન્ડ્રી પાર ગયો જેમાંથી છગ્ગા તો માત્ર ૨ જ હતા. બુમરાહ અગાઉ વનડે વર્લ્ડ કપમાં બે ખેલાડીઓ એવા રહ્યા છે જેઓ એક પણ રન કર્યા વગર પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ બન્યા હતા. ગ્લેન મેકગ્રાથે આ કારનામું ૨૦૦૭ વર્લ્ડ કપમાં કર્યું હતું. જ્યારે ૧૧ મેચમાં તેમને એક પણ મેચમાં બેટિંગ કરવાની તક મળી નહતી.

જ્યારે ઓસ્ટ્રેલિયાના જ મિશેલ સ્ટાર્કે પણ આ કારનામું ૨૦૧૫ના વર્લ્ડ કપમાં કર્યું હતું. ત્યારે સ્ટાર્કને બેટિંગની તક મળી હતી પરંતુ તેના બેટથી એક પણ રન થયો નહતો.

## વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સમાં ભારત-પાકિસ્તાનની ૬ જુલાઈએ ટક્કર



નવીદિલ્હી,તા.૩

વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ આજથી શરૂ થવા જઈ રહી છે. આ ચેમ્પિયનશિપમાં ક્રિકેટ ચાહકોને ભારત અને પાકિસ્તાન વચ્ચે જોરદાર ટક્કર જોવા મળશે. યુવરાજ, હરભજન, રૈના અને ઈરફાન પઠાણ જેવા ખેલાડીઓ પાકિસ્તાનના શાહિદ આફ્રિદી, યુનિસ ખાન જેવા ખેલાડીઓને પડકાર આપતા જોવા મળશે. આ સાથે આ ટૂર્નામેન્ટમાં ક્રિસ ગેલ જેવા મજબૂત બેટ્સમેનની બેટિંગ જોવા મળશે. વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સની પ્રથમ આવૃત્તિ ૩ થી ૧૩ જુલાઈ દરમિયાન રમાશે. આ ટુર્નામેન્ટની તમામ મેચ બર્મિંગહામ અને નોર્થમ્પટનમાં રમાશે. આ ટુર્નામેન્ટમાં કુલ ૬ ટીમો ભાગ લેશે જેમાં ભારત,પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા,વેસ્ટ ઈન્ડિઝ, દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડની ટીમો સામેલ છે. દરેક ટીમ એકબીજા સામે ૧-૧ મેચ રમશે. જે બાદ ટોપ ૪ ટીમ સેમિફાઈનલમાં પહોંચશે. જે બાદ ફાઈનલ મેચ ૧૩ જુલાઈએ રમાશે. વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ ૨૦૨૪નું ભારતમાં સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક્સ અને ડિઝની હોટસ્ટાર પર જીવંત પ્રસારણ કરવામાં આવશે. આ સિવાય ફેનકોડ મોબાઈલ એપ પર પણ મેચ લાઈવ જોઈ શકાશે. તમામ મેચો ભારતીય સમય અનુસાર સાંજે ૫:૩૦ અને ૧૦:૩૦ કલાકે રમાશે. ભારત: યુવરાજ સિંહ, હરભજન સિંહ, સુરેશ રૈના, ઈરફાન પઠાણ, રોબિન ઉથપ્પા, અંબાતી રાયડુ, યુસુફ પઠાણ, ગુરકીરત માન, રાહુલ શર્મા, નમન ઓઝા, રાહુલ શુક્લા, આરપી સિંહ, વિનય કુમાર, ધવલ કુલકર્ણી, અનુરીત સિંહ અને પવન નેગી.રમતા જોવા મળશે

## ભારતીય ટીમના પૂર્વ કોચ કેન્સરની સાથે આર્થિક મોરચે પણ સંઘર્ષ કરી રહ્યાં છે



મુંબઈ,તા.૩

પૂર્વ ભારતીય ક્રિકેટર અને બરોડાના દિગ્ગજ ખેલાડી અંશુમાન ગાયકવાડ છેલ્લા એક વર્ષથી બ્લડ કેન્સર સામે સંઘર્ષ કરી રહ્યા છે. તેઓ હાલમાં લંડનમાં છે. અને બ્લડ કેન્સરથી અત્યંત મોંઘીદાટ સારવારને પહોંચી વળવા માટે તેઓ આર્થિક મોરચે પણ સંઘર્ષ કરી રહ્યા છે. તેવો ખુલાસો ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સંદીપ પાટિલે કર્યો છે. અંશુમાન ગાયકવાડને બ્લડ કેન્સરની સારવારમાં આર્થિક મદદ મળી રહે તે માટે સંદીપ પાટિલ અને દિલીપ વેંગસરકર સહિતના કેટલાક પૂર્વ ખેલાડીઓએ બીસીસીઆઈ સમક્ષ રજુઆત કરી છે. પાટિલે એક મીડિયામાં તેમની કોલમમાં લખ્યું કે, 'હું થોડા સમય પહેલા જ લંડનની કિંગ્સ કોલેજ હોસ્પિટલમાં ગાયકવાડને મળ્યો હતો. ત્યારે અંશુમાને ખુદ જ આ અંગે વાત કરી હતી.' પાટીલે આશા વ્યક્ત કરી કે, બીસીસીઆઇ અમારી રજુઆત તરફ ધ્યાન આપીને ગાયકવાડને બને તેટલી ઝડપી આર્થિક મદદ મળી રહે તેવી વ્યવસ્થા કરશે. ભારતના એક જમાનાના સુપરસ્ટાર ક્રિકેટર અંશુમાન ગાયકવાડ ૧૯૭૫ થી લઈને ૧૯૮૭ દરમિયાન ૪૦ ટેસ્ટ અને ૧૫ વનડે રમ્યા હતા. તેઓએ ૪૦ ટેસ્ટમાં બે સદી અને ૧૦ ફિફ્ટી સાથે ૧૯૮૫ રન ફટકાર્યા હતા. અને બે વિકેટ ઝડપી હતી. જ્યારે ૧૫ વનડેમાં તેમના ૨૬૯ રન અને એક વિકેટ હતા. તેઓએ ભારતીય ટીમના હેડ કોચ તરીકેની જવાબદારી પણ સંભાળી હતી. તેઓ બરોડા તરફથી ઘરઆંગણાનું ક્રિકેટ રમ્યા હતા અને ગુજરાતની રણજી ટ્રોફી ટીમના કોચ પણ રહ્યા હતા.

## પહેલી વખત રેક્રિંગમાં ભારતીય ઓલરાઉન્ડર હાર્દિક પંડયા નંબર વન બન્યો

મુંબઈ,તા.૩

ટી ૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ સમાપ્ત થયા બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે ટી ૨૦ ખેલાડીઓની નવી રેક્રિંગ યાદી જાહેર કરી છે. જેમાં ભારતના સ્ટાર ઓલરાઉંડર હાર્દિક પંડ્યાએ પોતાનું સ્થાન મજબૂત બનાવી લીધું છે.આઈસીસીના નવા રેક્રિંગ મુજબ હાર્દિકે શ્રીલંકાના વાનિંદુ હસરંગા પાસેથી ટી ૨૦માં નંબર વન ઓલરાઉન્ડરનો તાજ છિનવી લીધો છે આઈસીસી ટી ૨૦ રેક્રિંગના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું છે કે કોઈ ભારતીય ખેલાડી નંબર ૧ ઓલરાઉન્ડર બન્યો છે. હાર્દિક અને હસરંગા બંનેના ૨૨૨ રેટિંગ પોઈન્ટ છે. જો કે, આઈસીસીએ ટી ૨૦ વર્લ્ડકપમાં પ્રભાવશાળી પ્રદર્શન કરનાર હાર્દિકને ટોચ પર રાખ્યો છે અને હસરંગાને બીજો નંબર આપ્યો છે. આ રેક્રિંગ સાથે હાર્દિક પંડ્યા હવે ટી ૨૦ ફોર્મેટમાં કેપ્ટન બનવાનો મજબૂત દાવેદાર પણ બની ગયો છે. આઈસીસીએ બહાર પાડેલી નવી રેક્રિંગમાં હાર્દિક પંડ્યાને બે ક્રમ અને ૯ પોઈન્ટનો ફાયદો થયો છે. અગાઉ આ યાદીમાં તે ત્રીજા ક્રમાંકે હતો. તમને જણાવી દઈએ કે, ટી ૨૦ વર્લ્ડકપમાં ૮ મેચોમાં ૧૪૪ રન બનાવવા ઉપરાંત હાર્દિકે ૧૧ વિકેટ પણ ઝડપી હતી. તેણે સાઉથ આફ્રિકા સામેની ફાઈનલ મેચમાં પણ ત્રણ વિકેટ ઝડપી હતી તેમજ છેલ્લી ઓવરમાં ૧૬ રન ડિફેન્ડ કરી ટીમ ઈન્ડિયાને ચેમ્પિયન બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ સિવાય ટી ૨૦ ઓલરાઉન્ડર રેક્રિંગના ટોપ ૧૦માં બીજા પણ બદલાવ થયા છે. જે મુજબ ઓસ્ટ્રેલિયાના માર્કસ સ્ટોઈનિસ (ત્રીજા ક્રમે), ઝિમ્બાબ્વેના સિકંદર રઝા (ચોથા ક્રમે), બાંગ્લાદેશના શાકિબ અલ હસન (પાંચમા ક્રમે) અને ઈંગ્લેન્ડના લિયામ લિવિંગસ્ટોન (આઠમા ક્રમે) એક-એક સ્થાન ઉપર આવ્યા છે. તેમજ ચાર સ્થાન નીચે ઉતરી અફઘાનિસ્તાનનો મોહમ્મદ નબી ટોપ-૫ની બહાર થઈ ગયો છે. આંતરરાષ્ટ્રીય ટી ૨૦ બોલર્સ રેક્રિંગની વાત કરીએ તો ટોપ પર ઈંગ્લેન્ડના આદિલ રાશિદે (૭૧૮ પોઈન્ટ) પોતાનો કબજો યથાવત રાખ્યો છે. ૬૭૫ પોઈન્ટ સાથે સાઉથ આફ્રિકાના એનરિક નોર્ખિયાએ બીજા સ્થાને પહોંચી પોતાના કરિયરનો શ્રેષ્ઠ રેંક હાંસલ કર્યો છે. આ રેક્રિંગમાં તેને સાત સ્થાનનો ફાયદો મળ્યો છે. ત્રીજા ક્રમ પર શ્રીલંકાનો વાનિંદુ હસરંગા યથાવત છે

### ચાર્જશીટમાં સામે આવ્યા મોટા ખુલાસો : બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને છેલ્લા કેટલાક સમયથી ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો

# સિદ્ધુ મુસેવાલાની જેમ સલમાનની હત્યા કરવા માંગતો હતો લોરેન્સ બિશ્નોઇ

મુંબઈ, તા.૩

નવી મુંબઈ પોલીસે સલમાન ખાન કેસમાં ચાર્જશીટ દાખલ કરી છે. બિશ્નોઈ ગેંગે સુપરસ્ટારનીહત્યાનુંકાવતરુંઘડ્યુંહતુંઅનેમહિનાઓસુધી



પડછાયાની જેમ સલમાનનો પીછો કર્યો હતો. આ ચાર્જશીટ ૩૫૦ પાનાની છે. જેમાં મુંબઈ પોલીસે બિશ્નોઈ ગેંગના સમગ્ર પ્લાન સાથે જોડાયેલા ચોંકાવનારા ખુલાસા કર્યા છે. બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને છેલ્લા કેટલાક સમયથી ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. ઈદના એક દિવસ બાદ જ તેમના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટ પર ગોળીઓ ચલાવવામાં આવી હતી. આની જવાબદારી લોરેન્સ ગેંગે લીધી હતી. ત્યારથી સલમાનને ઘણી વખત જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે. પહેલા એવું લાગતું હતું કે મામલો દબાઈ જશે પરંતુ સલમાન ખાનને લોરેન્સ ગેંગ તરફથી સોશિયલ મીડિયા પર વારંવાર ધમકીઓ મળી રહી છે. હવે મુંબઈ પોલીસે આ મામલામાં ૩૫૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી છે, જેમાં આ સમગ્ર મામલાની ઘણી વિગતો સામે આવી છે જે ચોંકાવનારી છે.લોરેન્સ બિશ્નોઈ ગેંગે અભિનેતા સલમાન ખાનની હત્યા માટે પાકિસ્તાનથી એકે-૪૭ રાઈફલ્સ મંગાવી હતી. પનવેલ પોલીસની ચાર્જશીટ મુજબ, સિદ્ધુ મુસેવાલાની જેમ સલમાનને મારી નાખવાની યોજના હતી. આ હુમલો કોઈ ફિલ્મના શૂટિંગ દરમિયાન અથવા સલમાન પનવેલના ફાર્મહાઉસમાં હતો ત્યારે કરવામાં આવ્યો હશે. મહારાષ્ટ્ર પોલીસે તમામ ટેકનિકલ પુરાવાઓના આધારે ચાર્જશીટ દાખલ કરી છે. તેની ગુપ્તચર તપાસમાં, પનવેલ પોલીસે મોબાઈલ ફોન ટાવર, લોકેશન, વોટ્સએપ ચેટ જેવા ઈનપુટની મદદથી શંકાસ્પદ લોકો પાસેથી ગુપ્ત માહિતી એકત્ર કરી છે.

મીડિયા રિપોર્ટ મુજબ લોરેન્સ બિશ્નોઈની ગેંગ સલમાન ખાન પર તેની ફિલ્મના શૂટિંગ દરમિયાન કથિત રીતે હુમલો કરવા જઈ રહી હતી અથવા સલમાન ખાન જ્યારે પનવેલ ફાર્મહાઉસમાંથી બહાર આવ્યો ત્યારે હુમલો થયો હોત. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મુસેવાલાની જેમ તેમના વાહનને ઘેરીને એકે-૪૭ અને પાકિસ્તાની હથિયારોથી હુમલો કરવામાં આવનાર હતો.પનવેલ પોલીસે ગયા અઠવાડિયે ૩૫૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. જેમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગના ૫ લોકોના નામ સામેલ છે. પોલીસ ચાર્જશીટમાં અજય કશ્યપ (૨૮), ગૌતમ વિનોદ ભાટિયા (૨૯), વાસ્પી મહમૂદ ખાન ઉર્ફે ચાઇના (૩૬), રિઝવાન હસન ઉર્ફે જાવેદ ખાન (૨૫) અને દીપક હવાસિંગ ઉર્ફે જોન વાલ્મીકી (૩૦)ના નામ સામેલ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સલમાન ખાનની હત્યા માટે લોરેન્સ બિશ્નોઈએ આ ગેંગને ૨૫ લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. તમને જણાવી દઈએ કે, એપ્રિલમાં પનવેલ પોલીસ ઈન્સ્પેક્ટર નીતિન ઠાકરેને બાતમી મળી હતી કે લોરેન્સ ગેંગ સલમાન ખાન પર હુમલાની યોજના બનાવી રહી છે.

# વડોદરા હરણી લેક દુર્ઘટના કેસમાં હાઇકોર્ટનો રિપોર્ટ સ્વીકારવા ઇક્કાર



અમદાવાદ,તા.૩

વડોદરા હરણી લેક દુર્ઘટના કેસમાં હાઈકોર્ટે રિપોર્ટ સ્વીકારવા ઈક્કાર કર્યો છે. આ રિપોર્ટ રાજ્ય સરકાર તરફથી રજૂ કરાયો હતો. રિપોર્ટ સ્વીકારવા હાઈકોર્ટે ઈક્કાર કર્યો હતો. આ જવાબદારી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનું હોવાનું હાઈકોર્ટે જણાવ્યું હતું. એડવોકેટ જનરલે કોર્ટે કોર્ટમાં આ જવાબદારી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હોવાનો વાતનો સ્વીકાર કર્યો હતો. તેની સાથે જવાબદાર બધા લોકો સામે ખાતાકીય તપાસ કરવા સરકાર તૈયાર હોવાનું જણાવ્યું હતું. એડવોકેટ જનરલે સરકાર વતી તૈયારી બતાવી હતી. આખી ઘટનાની નવેસરથી તપાસ કરવા આદેશ આપ્યો છે. ગુજરાત હાઈકોર્ટે કમિટીના રિપોર્ટને શબ્દોની માયાજાળ ગણાવ્યો હતો. રિપોર્ટ સત્યને છૂપાવતો હોવાનું હાઈકોર્ટે જણાવ્યું હતું. રિપોર્ટ સત્યને છૂપાવવા માંગતો હોય તેમ હાઈકોર્ટનો આદેશ છે. તમામ જવાબદારી અધિકારીઓ અને લોકો સામે ખાતાકીય તપાસ શિસ્તભંગના પગલાં સહિતની કાર્યવાહી થશે. શેરી વિકાસ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરીએ કરેલી તપાસ અને અપાયેલો રિપોર્ટ સંતોઝનક નહીં હોવાનું હાઈકોર્ટે નોંધ્યું હતું. કોર્ટનું અવલોકન હતું કે કમિટીનો રિપોર્ટ શબ્દોની જાળથી વિશેષ કશું નથી. એક તબક્કે કોર્ટેનોંધ્યું કે તમામ ઓરિજિનલ રેકોર્ડ જોયા પછી કોર્ટ જાતે જ ઓર્ડર પાસ કરશે. જવાબદાર હોદ્દા પર બેઠેલા લોકો પોતાનું કામ યોગ્ય રીતે ન કરે તે ચલાવી નહી લેવાય. જવાબદારી અધિકારી પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. કોર્ટે જણાવ્યું હતું કે અમારું વ્યક્તિગત રીતે કોઈના સામે કશું નથી, પરંતુ જનહિતામાં આ પ્રકારના આદેશ આપવા જરૂરી છે. સુનાવણી દરમિયાન અમુક તબક્કે એડવોકેટ જનરલે કોર્ટની માફી પણ માંગી હતી. એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે આવી દુર્ઘટનાઓમાં સરકાર કોઈને પણ છોડવા માંગતી નથી. કોર્ટે જણાવ્યું હતું કે સમગ્ર ઘટનાની નવેસરથી બધા રેકોર્ડ જોયા પછી તપાસ કરીને ખાતાકીય અને શિસ્તભંગના પગલાં લઈ કોર્ટને પરિણામ જણાવવા આદેશ આપ્યો છે. આમ આખી ઘટનામાં નવેસરથી તપાસ કરવી જરૂરી છે.

# ઉનાળુ વેકેશનમાં ગુજરાતના પ્રવાસન સ્થળો ઉભરાયા, ૧.૩૫ કરોડ પ્રવાસીઓએ મુલાકાત લીધી

ગાંધીનગર,તા.૩

દેશ-વિદેશના સહેલાણીઓમાં ગુજરાતના પ્રવાસન ક્ષેત્રો પ્રત્યે અનેરું આકર્ષણ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત ના પ્રવાસન ક્ષેત્રને વિશ્વસ્તરે લઇ જવા તેમજ પ્રવાસીઓના અનુભવને અભૂતપૂર્વ બનાવવા માટે વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે. પરિણામે, ઉત્તરોતર બહોળી સંખ્યામાં પ્રવાસીઓ રાજ્યના અનેરા સૌંદર્ય અને વિવિધતાને માણવા માટે પહોંચી રહ્યાં છે. આ વર્ષે ઉનાળા વેકેશનના સમયગાળા દરમિયાન, ૧ એપ્રિલથી ૧૦ જૂન ૨૦૨૪ સુધીમાં, રાજ્યના ૧૨ પ્રવાસન આકર્ષણો અને યાત્રાધામની ૧.૩૫ કરોડથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. વર્ષ ૨૦૨૩માં એપ્રિલ અને મે મહિનાના સમયમાં ૧.૧૪ કરોડ પ્રવાસીઓએ આ સ્થળોની મુલાકાત લીધી હતી, જેની સરખામણીએ આ વર્ષે પ્રવાસીઓની સંખ્યામાં ૧૭ ટકાનો વધારો નોંધાયો છે. આ સમયગાળામાં ગુજરાત ના પ્રસિદ્ધ આકર્ષણો જેમ કે, સ્ટેચ્યુ ઑફ યુનિટી, અટલ બ્રિજ, રિવરફ્રન્ટ-ફ્લાવર પાર્ક, કાંકરિયા તળાવ, સોમનાથ મંદિર, અંબાજી મંદિર, પાવાગઢ મંદિર, દ્વારકા મંદિર, સાયન્સ સિટી-અમદાવાદ, વડનગર, ગીર અને દેવળીયા સફારીનો આનંદ લેવા માટે



બહોળી સંખ્યામાં લોકો પહોંચ્યા હતાં. ‘ખુશ્બુ ગુજરાત કી’ માણવા આવતા પ્રવાસીઓમાં હેરિટેજ શહેર અમદાવાદ સૌથી પસંદગીનું સ્થળ બન્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રવાસીઓની સંખ્યાની બાબતે અમદાવાદ સૌથી પસંદગીનું સ્થળ અને જિલ્લો રહ્યો છે. રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે અને સંલગ્ન પ્રવૃત્તિઓને વેગ આપીને, રોજગારીની નવી તકો ઊભી કરવા માટે રાજ્ય સરકારે અનેક પગલાં લીધા છે. ગુજરાત આવતા પ્રવાસીઓના અનુભવને બહેતર બનાવવા માટે પ્રવાસન પ્રભાગ માટે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં ? ૨૦૭૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેમાં આકર્ષક પ્રવાસન સ્થળો, ધાર્મિક, સાંસ્કૃતિક અને એડવેન્ચર આકર્ષણો તેમજ ઈકો ટુરિઝમનો વિકાસ કરવામાં આવશે. તાજેતરમાં ભારતની યજમાનીમાં આયોજિત થયેલી G-૨૦ બેઠકો નો એક દોર ગુજરાતમાં પણ રહ્યો હતો. રાજ્ય સરકારે, કચ્છના ધોરડો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા વિશ્વકક્ષાના પ્રવાસન સ્થળોએ G-૨૦ બેઠકોનું સફળતાપૂર્વક આયોજન કરીને, જી-૨૦ દેશના પ્રતિનિધિઓને રાજ્યના સમૃદ્ધ વારસાનો પરિચય કરાવ્યો હતો. જી-૨૦ પ્રતિનિધિઓએ ધોળાવીરા, મોઢેરા સૂર્યમંદિર, અમદાવાદનો ઐતિહાસિક વારસો, ગિફ્ટ સિટી અને દાંડી કુટીર સહિતના આકર્ષણોની મુલાકાત લઇને તેની સરાહના કરી હતી. પ્રાચીન નગરોની મુલાકાત તેમના માટે એક યાદગાર સંભારણું બની હતી અને તેમના પ્રતિભાવોમાં તેમણે જણાવ્યું હતું કે આ સમગ્ર વિશ્વની ધરોહર છે, જેને આવનારી પેઢી માટે સાચવી રાખવી જરૂરી છે.

### બિહારમાં બ્રિજ ધરાશાયી થવાનો સિલસિલો યથાવત

# મહારાજગંજના દેવરિયા ગામ પાસે ગંડકી નદી પર બનેલો બ્રિજ ધરાશાયી

પટણા, તા.૩

બિહારમાં બ્રિજ ધરાશાયી થવાનો સિલસિલો ચાલુ છે. અગાઉ છ બ્રિજ ધરાશાયી થયા છે ત્યારે આજે વધુ એક ૩૫ વર્ષ જૂનો બ્રિજ ધરાશાયી થયો છે. ૧૫ દિવસના ગાળામાં બિહારમાં આ સાતમો બ્રિજ ધરાશાયી થયો છે.

૩ જૂલાઈએ મહારાજગંજના દેવરિયા ગામ પાસે ગંડકી નદી પર બનેલો બ્રિજ ધરાશાયી થયો હતો. જેના કારણે આજુબાજુના ગામો સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ હજુ સુધી કોઈ જાનહાનિ થઈ ન હતી. હજુ ૧૦ દિવસ પહેલા જ એક બ્રિજ ધરાશાયી થઈ ગયો હતો. ત્યારે ફરી એકવાર ૩૫ વર્ષ જૂનો બ્રિજ ધરાશાયી થયો છે. સ્થાનિક લોકોના કહેવા મુજબ કે બ્રિજ બાદ એક પણ વખત તેનું સમારકામ કરવામાં આવ્યું ન હતું જેના કારણે બ્રિજ ધરાશાયી થયો હતો.

સ્થાનિક લોકોએ એમ પણ જણાવ્યું હતુ કે અગાઉનો બ્રિજ તૂટી પડવાની ઘટના પણ માટીના વધુ પડતા ધોવાણને કારણે થઈ હતી. આ બ્રિજ પણ માટીના ધોવાણને કારણે ધરાશાયી થયો છે.

કેટલાક લોકોએ આ અંગે સ્થાનિક અધિકારીઓને ફરિયાદ કરી હતી, પરંતુ તેને હળવાશથી લેવામાં આવી હતી.

દેવરિયા પંચાયતના વડા અને સ્થાનિક સીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. આ બ્રિજ ૧૯૯૮માં તત્કાલિન સાંસદ પ્રભુનાથ સિંહ દ્વારા રૂપિયા ૬ લાખના ખર્ચે બાંધવામાં આવ્યો હતો. આ ઉપરાંત બીજો (ધામી નદી પરનો) બ્રિજ ૨૦૦૪માં રૂપિયા ૧૦ લાખના ખર્ચે બનાવ્યો હતો.

નોંધનીય છે કે અગાઉ સિવાનમાં ગંડક કેનાલ પર બનેલો બ્રિજ જૂનની ૨૨મીએ અચાનક તૂટી પડ્યો હતો.

પહેલા બ્રિજનો એક પિલર પડી ગયો અને થોડીવારમાં આખો બ્રિજ પાણીમાં ગરકાવ થઈ ગયો. આ ઘટના દારૌંડા બ્લોકના રામગઢા પંચાયતમાં બની હતી. પાટેડા અને ગરાઉલી ગામ વચ્ચે ગંડક કેનાલ પર બનેલો બ્રિજ પણ ઘણો જૂનો હતો.

### એક્સપ્રેસ વે છ રાજ્યોમાંથી થશે પસાર

# દેશનો સૌથી લાંબો એક્સપ્રેસ વે ડિસેમ્બરથી થઈ શકે છે કાર્યરત

નવી દિલ્હી, તા.૩

દેશનો સૌથી મોટો એક્સપ્રેસ વે દિલ્હી-મુંબઈ ડિસેમ્બરથી કાર્યરત થઇ શકે છે. આ હાઈવે દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે મુસાફરીના અનુભવને નોંધપાત્ર રીતે વધારવા માટે તૈયાર છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટમાં આ એક મોટી પ્રગતિ છે. ૧,૩૮૬ કિમીમાં ફેલાયેલ અને નવ તબક્કામાં વહેંચાયેલો આ વિશાળ પ્રોજેક્ટ લગભગ પૂર્ણ થવા પર છે. જેમાં આ વર્ષના અંત સુધીમાં આઠ તબક્કાઓ કાર્યરત થવાની ધારણા છે. હાલમાં એક્સપ્રેસ વેના બે તબક્કાઓ પહેલેથી જ કાર્યરત છે.નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા અનુસાર દેશના સૌથી લાંબા એક્સપ્રેસ વે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે – પર ૮૦ ટકાથી વધુ કામ પૂર્ણ થઈ ગયું છે. જેમાં દિલ્હીથી વડોદરા સુધીના અંદાજે ૮૪૫ કિલોમીટરના ૯૬ ટકા કામનો સમાવેશ થાય છે. બાકીનું કામ પણ સમયસર પૂર્ણ થશે.કેટલાક મહત્વપૂર્ણ વિભાગો ડિસેમ્બર સુધીમાં ખોલવાની અપેક્ષા છે જેમ કે સાપુરથી જવાહરલાલ નેહરુ બંદર (૯૫ કિમી), સુરતથી મુંબઈના વિરાર (૨૯૧ કિમી), ભરૂચથી સુરત (૩૮ કિમી), મધ્યપ્રદેશથી ગુજરાત ની સરહદ (૧૪૮ કિમી), અને સવાઈ માધોપુરથી ઝાલાવાડ (૧૫૯ કિમી) આ ઉપરાંત વડોદરાથી ભરૂચ (૮૭ કિમી)નું કામ પૂર્ણ થયું છે. પરંતુ તે હજુ જાહેર જનતા માટે ખોલવાના બાકી છે. હાલમાં કાર્યરત વિભાગોમાં દિલ્હીથી દૌસા સવાઈ માધોપુર સુધીનો ૨૯૩ કિમીનો વિભાગ અને ૨૪૫ કિમી ઝાલાવાડ-રતલામ-મધ્યપ્રદેશ/ગુજરાત સરહદ વિભાગનો સમાવેશ થાય છે. આગળ જતાં, હરિયાણાથી મુંબઈને જોડતો અંતિમ તબક્કો આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. જો કે ડીએનડી દિલ્હી અને જેવરને સોહનાથી જોડતો વિભાગ જૂન ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. જેના માટે વધારાના ૯૦ કિમી એક્સપ્રેસ વે નિર્માણની જરૂર પડશે.

# કંગનાને થપ્પડ મારવાના મામલે CISF મહિલા કર્મીની બદલી

નવી દિલ્હી, તા.૩

બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતના નામમાં હવે એક નવી ઓળખ જોડાઈ છે. એક્ટ્રેસ ભારતીય જનતા પાર્ટીમાંથી સાંસદ બની છે.

તેમણે હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી લોકસભા ચૂંટણીમાં શાનદાર જીત નોંધાવી છે. ચૂંટણીમાં જીત બાદ પરંતુ શપથ પૂર્વે જ એક્ટ્રેસનું થપ્પડ કાંડ પર જોરશોરથી ચર્ચામાં છે. આ મામલે વધુ એક અપડેટ આવ્યું છે. હિન્દી સિનેમાની બેબાક અભિનેત્રી કંગના રનૌતને ચંડીગઢ એરપોર્ટ પર થપ્પડ મારનાર મહિલા CISF કોન્સ્ટેબલ કુલવિંદર કૌરની બદલી કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ મહિલાની સાથે તેના પતિની પણ બદલી કરવામાં આવી છે. ચંદીગઢ એરપોર્ટ પર કંગના રનૌતને થપ્પડ મારવાની ઘટના બાદ કુલવિંદર કૌરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જોકે હવે તેમને બેંગ્લોર ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

કંગનાને થપ્પડ માર્યા બાદ મહિલાનો એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં તેમણે થપ્પડ મારવાનું કારણ જણાવ્યું હતું. વીડિયોમાં ઞૈંજીહ્લ કર્મી કહેતી જોવા મળી હતી કે, “કંગનાએ સ્જીના વિરોધ સમયે નિવેદન આપ્યું હતું કે, ખેડૂતોના આંદોલનમાં મહિલાઓ ૧૦૦ રૂપિયા લઈને બેઠી છે. તે સમયે મારી માતા પણ ખેડૂતો આંદોલન થકી સરકાર સામે વિરોધ કરી રહી હતી.”

### અમેરિકન પત્રકારનો મોટો દાવો

# જો બિડેન ડિમેન્શિયાથી પીડિત છે, કમલા હેરિસ તેમનું સ્થાન લઈ શકે છે

નવી દિલ્હી, તા.૩

અમેરિકન રાજકીય વિવેચક અને લેખક ટકર કાર્લસને દાવો કર્યો હતો કે રાષ્ટ્રપતિ જો બિડેનને ડિમેન્શિયા છે અને મુખ્ય પ્રવાહના મીડિયા પર આ હકીકત દેશથી છુપ ાવવાનો આરોપ લગાવ્યો છે. ભૂતપૂર્વ ફોક્સ ન્યૂઝ હોસ્ટે એવો પણ દાવો કર્યો હતો કે ડેમોક્રેટ્સ ટૂંક સમયમાં જ બિડેનની જગ્યાએ કમલા હેરિસને પ્રમુખ બનાવી શકે છે. કાર્લસનનો દાવો ૨૭ જૂનના રોજ એટલાન્ટામાં યોજાયેલી પ્રથમ પ્રેસિ ડેન્શિયલ ડિબેટના થોડા દિવસો બાદ આવ્યો છે, જેમાં જો બિડેનનું પ્રદર્શન મોટાભાગના ડેમોક્રેટ્સ માટે આઘાતજનક હતું.સિડનીના ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે ૪,૦૦૦ ચાહકોની સામે બોલતા, ટકર કાર્લસને કહ્યું કે ‘કેટલાક ડેમોક્રેટ કાર્યકરોએ સીએનએન પર પત્રકારો તરીકે પોઝ આપ્યો’ એ છુપાવવાનો પ્રયાસ કર્યો કે જો બિડેનને ડિમેન્શિયા છે, સ્કાય ન્યૂઝે અહેવાલ આપ્યો છે. કાર્લસને કહ્યું કે અમેરિકન મીડિયાનું એવું વર્તન જાણે ક તેમને આ વિશે હમણાં જ ખબર પડી હોય તે આઘાતજનક છે. તેમણે કહ્યું કે જો બિડેન ડેમોક્રેટિક પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદની રેસમાં આગળ વધી શકશે નહીં.સીએનએન સહિત અન્ય મીડિયા આઉટલેટ્સની ટીકા કરતા ટકર કાર્લસને કહ્યું, ‘કાં તો તેઓ ખરેખર મૂર્ખ છે... અથવા તેઓ જૂઠા છે, તેઓ ખરેખર અપ્રમાણિક છે, તેઓ તમારાથી સ્પષ્ટ વસ્તુઓ છુપાવી રહ્યાં છે.’ તેમણે



દાવો કર્યો હતો કે ઘણા અગ્રણી ડેમોક્રેટિક નેતાઓએ સૂચવ્યું છે કે રાષ્ટ્રપતિ જો બિડેન માનસિક રીતે અસ્થિર છે અને તેમને રાષ્ટ્રપતિની રેસમાંથી દૂર કરી શકાય છે. કાર્લસન આને ડેમોક્રેટિક અને રિપબ્લિકન બંને પક્ષો માટે એક મહત્વપૂર્ણ ક્ષણ તરીકે જુએ છે, ખાસ કરીને ૧૧ જુલાઈના રોજ હશ મની કેસમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર કોર્ટના નિર્ણયને જોતાં.ટકર કાર્લસને એક્સ પર એક પોસ્ટમાં કહ્યું, ‘હું નિશ્ચિતપણે કહી શકું છું કે જો બિડેનનું કામ થઈ ગયું છે. ડેમોક્રેટિક પાર્ટીના ઘણા અગ્રણી નેતાઓએ સૂચવ્યું છે કે તેમનું માનસિક સંતુલન સારું નથી. તેમને દૂર કરવા પડશે, અને તેઓ આમ કરશે. એકમાત્ર પ્રશ્ન એ છે કે ક્યારે. જો તેઓ સમજદાર હશે તો તેઓ આ નિર્ણય બહુ જલ્દી લેશે. જો કમલા ઉમેદવાર બને છે તો તે પ્રથમ રાષ્ટ્રપતિ બની શકે છે. હવે ફોક્સ ટ્રમ્પ અને ૧૧મી જુલાઈના રોજ તેમની સજા અંગેના નિર્ણય પર રહેશે. એક્સ પરની તેમની પોસ્ટ માં, કાર્લસને એવો પણ દાવો કર્યો હતો કે ભૂતપૂર્વ રાષ્ટ્રપ તિ બરાક ઓબામાની જો બિડેનને ટેકો આપતી પોસ્ટ કપટ પૂર્ણ હતી.કાર્લસને એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે ટ્રમ્પ ન હવે માત્ર રિપબ્લિકન ઉમેદવાર તરીકે નહીં, પરંતુ સંભવિત પ્રમુખ તરીકે જોવામાં આવે છે. “આ સમયે, ટ્રમ્પ માત્ર રિપબ્લિકન નોમિની નથી, પરંતુ અસરકારક રીતે સંભવિત પ્રમુખ છે,” તેમણે ભારપ ર્વક જણાવ્યું હતું. ‘જો તમે તેમને જેલમાં ધકેલી દેવાના છો, તો તે ખૂબ જ ગંભીર અપરાધ માટે હોવો જોઈએ જે દરેક વ્યક્તિ સંમત થાય છે કે તેઓએ આ ગુનો કર્યો છે,’ તેણે લખ્યું.

## રશિયાના રાજદૂતે ૨૪ કલાકમાં ટ્રમ્પના દાવાને ફગાવી દીધો

અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણી પ્રચાર દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર કહ્યું છે કે જો તેઓ રાષ્ટ્રપતિ બનશે તો ૨૪ કલાકની અંદર યુક્રેન-રશિયા યુદ્ધ ખતમ કરી દેશે. પરંતુ તેના દાવાને રશિયન અધિકારીએ ફગાવી દીધો છે. સંયુક્ત રાષ્ટ્રમાં રશિયાના રાજદૂત વેસિલી નેબેન્ઝિયાનું કહેવું છે કે તેઓ આવું કરી શકે નહીં. નેબેન્ઝિયાનું નિવેદન રિપબ્લિકન ઉમેદવારને તેમના દાવા અંગે જવાબ આપવા માટે કહેવામાં આવ્યા બાદ આવ્યું છે. તેમણે મીડિયાકર્મીઓને કહ્યું કે યુક્રેન સંકટ એક દિવસમાં ઉકેલાશે નહીં. ડોનાલ્ડ ટ્રમ્પ તેમના પ્રચાર દરમિયાન ઘણી વખત કહી ચૂક્યા છે કે તેઓ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને મળ્યા બાદ ૨૪ કલાકની અંદર યુદ્ધને રોકી શકે છે. ટ્રમ્પે આ દાવાને ઘણી વખત દોહરાવી છે, ગયા અઠવાડિયે રાષ્ટ્રપતિ જો બિડેન સાથેની ચર્ચા દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે, જો અમારી પાસે વાસ્તવિક રાષ્ટ્રપતિ હોત તો પુતિન ક્યારેય યુક્રેન પર આક્રમણ ન કરી શક્યા હોત. વેસિલી નેબેન્ઝિયાએ કહ્યું કે ઈસ્તંબુલમાં એપ્રિલ ૨૦૨૨માં યુદ્ધ સમાપ્ત થઈ શકે છે. તે સમયે રશિયા અને યુક્રેન સમજૂતીની ખૂબ નજીક આવી ગયા હતા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ, ઈસ્તંબુલ શાંતિ મંત્રણાના માત્ર બે મહિના પહેલા, રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો. જોકે, રશિયાનું કહેવું છે કે તેનું ‘સ્પેશિયલ મિલિટરી ઓપરેશન’ ૨૦૧૪માં શરૂ થયું હતું.

## મુંબઈ આતંકી હુમલાના આરોપી તહવ્વુર રાણાને ભારત લાવવાની આશા

વોશિંગ્ટન,તા.૩

પાકિસ્તાની મૂળના કેનેડિયન નાગરિક તહવ્વુર રાણાને ભારત લાવવાની આશા વધી ગઈ છે. હકીકતમાં, યુએસ આસિસ્ટન્ટ એટર્ની બ્રામ એલ્ડને યુએસ એપેલેટ કોર્ટને કહ્યું છે કે તહવ્વુર રાણાને ભારત-યુએસ પ્રત્યાર્પણ સંધિની જોગવાઈઓ હેઠળ ભારતને પ્રત્યાર્પણ કરી શકાય છે. તહવ્વુર રાણા પર ૨૦૦૮ના મુંબઈ હુમલામાં સામેલ હોવાનો આરોપ છે. તહવ્વુર રાણાએ કેલિફોર્નિયાની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં પ્રત્યાર્પણ વિરુદ્ધ અપીલ કરી છે.


તહુર રાણાને ભારત પ્રત્યાર્પણ કરવાની ભારત સરકારની વિનંતીને અમેરિકી સરકારે સ્વીકારી હતી, પરંતુ તેની સામે તહુર રાણાએ યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં હેબિયસ કોર્પસ પિટિશન દાખલ કરી હતી, જેના કારણે રાણાનું ભારત પ્રત્યાર્પણ અટકી ગયું હતું. હવે અરજીની સુનાવણી દરમિયાન અમેરિકન વકીલ એલ્ડને કોર્ટને કહ્યું કે સંધિની જોગવાઈઓ હેઠળ રાણાને ભારત પ્રત્યાર્પણ કરી શકાય છે. મુંબઈ હુમલામાં તેની ભૂમિકા માટે ભારતે તેની સામે કેસ ચલાવવાનું સંભવિત કારણ પણ સાબિત કર્યું છે.

તહવ્વુર રાણા, જે હાલમાં લોસ એન્જલસની જેલમાં બંધ છે, તેના પર મુંબઈ હુમલાની યોજનામાં સામેલ હોવાનો આરોપ છે. તહવ્વુર રાણાનું નામ પાકિસ્તાની-અમેરિકન આતંકવાદી ડેવિડ કોલમેન હેડલી સાથે જોડાયેલું છે, જે હુમલાના મુખ્ય કાવતરાખોરોમાંનો એક છે. રાણા હેડલીને ઘણી વખત મળ્યો હતો. હેડલીએ પણ પોતાના નિવેદનમાં આ વાત સ્વીકારી હતી. હેડલી મુંબઈ હુમલાની તપાસ કરવા મુંબઈ આવ્યો હતો. મુંબઈ હુમલામાં ૧૬૬ લોકો માર્યા ગયા હતા અને ૨૩૯ લોકો ઘાયલ થયા હતા.

# કેજરીવાલની જ્યુડિશિયલ કસ્ટડી ૧૨ જુલાઈ સુધી લંબાઈ

નવીદિલ્હી,તા.૩

રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હી લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૧૨ જુલાઈ સુધી લંબાવી છે. સીએમ અરવિંદ કેજરીવાલને ઈડી દ્વારા વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ પહેલા ૨૯ જૂને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સીબીઆઈ દ્વારા રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સુનાવણી બાદ રાઉઝ એવન્યુની વિશેષ સીબીઆઈ કોર્ટે કેજરીવાલને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં તિહાર મોકલી દીધા હતા.



દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સીબીઆઈએ ૨૬ જૂને દિલ્હી લિકર પોલિસી કેસમાં ધરપકડ કરી હતી. કોર્ટે તેને ત્રણ દિવસની સીબીઆઈ કસ્ટડીમાં મોકલી દીધો હતો. કેજરીવાલના સીબીઆઈ રિમાન્ડ પૂરા થતાં ૨૯ને ફરીથી રજૂ કરવામાં આવ્યા હતા. અગાઉ, ૨૧ માર્ચે, કેજરીવાલને ઈડી દ્વારા કથિત દારૂ નીતિ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. ત્યારથી કેજરીવાલ તિહાર જેલમાં બંધ છે.


રાઉઝ એવન્યુ કોર્ટે અરવિંદ કેજરીવાલની અરજી પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે જેમાં મેડિકલ બોર્ડના મેડિકલ ચેકઅપ દરમિયાન તેમની પત્નીની વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાજરીની માંગ કરવામાં આવી હતી. કેજરીવાલની આ અરજી પર કોર્ટ ૬ જુલાઈએ પોતાનો ચુકાદો આપશે. તે જ સમયે, દિલ્હી હાઈકોર્ટે મંગળવારે કેન્દ્રીય તપાસ એજન્સી દ્વારા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અને રિમાન્ડને પડકારતી અરજી પર સીબીઆઈને નોટિસ પાઠવી છે. જસ્ટિસ નીના બંસલ ક્રિષ્નાની બેંચે સીબીઆઈને નોટિસ પાઠવીને સાત દિવસમાં જવાબ દાખલ કરવા જણાવ્યું છે. કોર્ટે આ મામલાને ૧૭ જુલાઈના રોજ દલીલો માટે સૂચિબદ્ધ કર્યો હતો.

# આજે બ્રિટનમાં સામાન્ય ચૂંટણી, સુનક-સ્ટાર્મર વચ્ચે ટક્કર

લંડન,તા.૩

બ્રિટનના લોકો માટે આખરે તે ક્ષણ આવશે જ્યારે તેઓ તેમના મનપસંદ વડા પ્રધાનને પસંદ કરશે. બ્રિટનમાં આવતીકાલે એટલે કે ૪ જુલાઈએ મતદાન થશે. આ ચૂંટણીમાં કન્ઝર્વેટિવ પાર્ટીના ઋષિ સુનક અને લેબર પાર્ટીના કીર સ્ટારમર વચ્ચે જોરદાર ટક્કર છે. અત્યાર સુધી આવેલા તમામ ઓપિનિયન પોલ્સમાં કીર સ્ટારમરની લેબર પાર્ટી આગળ દેખાઈ રહી છે. તે જ સમયે, સર્વે અનુસાર, ઋષિ સુનકને કારમી હારનો સામનો કરવો પડી શકે છે, તે નિશ્ચિત છે કે કેર સ્ટારર બ્રિટનના આગામી વડા પ્રધાન બની શકે છે, પરંતુ આ બધી બાબતો મતદાન પછી જ નક્કી કરવામાં આવશે. આવતીકાલે હવે આવી સ્થિતિમાં સવાલ એ પણ ઊભો થાય છે કે બંને નેતાઓમાંથી કોણ સૌથી અમીર છે તો ચાલો તમને જણાવીએ. બ્રિટનની નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ અનુસાર, કન્ઝર્વેટિવ પાર્ટીના ઋષિ સુનક લેબર પાર્ટીના કીર સ્ટારમર કરતાં વધુ અમીર છે. ઋષિ સુનક અને તેમની પત્ની અક્ષતા મૂર્તિની કુલ સંપત્તિ લગભગ ૬૫૧ મિલિયન છે. તેની પાછળનું કારણ ઈન્ફોસિસના શેર છે. અક્ષતા મૂર્તિનો ઈન્ફોસિસમાં નોંધપાત્ર હિસ્સો છે. છેલ્લા એક વર્ષમાં ઈન્ફોસિસના શેરમાં સારો ઉછાળો જોવા મળ્યો છે. મે મહિનામાં જાહેર થયેલા સન્ડે ટાઈમ્સના રિચ લિસ્ટના રિપોર્ટ અનુસાર, અક્ષતા અને ઋષિ સુનકની સંપત્તિ બ્રિટનના રાજા ચાર્લ્સ કરતા પણ વધુ છે. રિપોર્ટ અનુસાર આ વર્ષે તેમની સંપત્તિમાં ૧૨૦ મિલિયન પાઉન્ડનો વધારો થયો છે. ૨૦૨૩માં ૫૨૯ મિલિયન પાઉન્ડથી વધીને ૬૫૧ મિલિયન પાઉન્ડ થશે.

આ દરમિયાન, લેબર પાર્ટીના નેતા કીર સ્ટારરની અંદાજિત કુલ સંપત્તિ ૭.૭ મિલિયન છે. તેમની મોટાભાગની સંપત્તિ તેમની કાનૂની કારકિર્દી અને રાજકારણી તરીકેની કમાણીમાંથી આવે છે. તેમની પાસે સરેમાં આશરે ?૧૦ મિલિયનની કિંમતની જમીન છે, જે તેમણે વકીલ તરીકે તેમના સમય દરમિયાન





૧૯૯૬માં ખરીદી હતી. જો કે કીરની નેટવર્થ યુકેમાં સરેરાશ પરિવાર કરતાં ૨૫ ગણી વધુ છે, તે સુનાકની સરખામણીમાં કંઈ નથી. ૪ જુલાઈએ બ્રિટનમાં કુલ ૬૫૦ બેઠકો પર મતદાન થશે . તે જ સમયે, વડાપ્રધાન બનવાનો આંકડો ૩૨૬ છે, જે પાર્ટી આટલી બેઠકો મેળવશે તે સરકાર બનાવશે. અહીં ઘણા દાયકાઓથી કન્ઝર્વેટિવ પાર્ટી અને લેબર પાર્ટી વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે. અહીં મતપેટીમાં મત નાખવામાં આવે છે.

## સંક્ષિપ્ત સમાચાર

## ભુજને પ્લાસ્ટિક મુક્ત કરવા કાપડની થેલી ઓ નું વિતરણ




ભુજ તા.૩

ભુજ શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવવાની નેમ સાથે શહેરમાં હરતા ફરતા વાહન દ્વારા દરરોજઅલગ-અલગવિસ્તારોમાં કાપડની થેલીઓ નું વિતરણ કરવામાં આવી રહ્યું છે સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળના નેજા હેઠળ મારું શહેર પ્લાસ્ટિક મુક્ત શહેરની નેમ સાથે કચ્છ એક પહેલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા કાપડ ની થેલી વિતરણ કરવામાં આવી રહી છે. આ કાપડની થેલી માટે મનીષ જેઠી, નવલસિંહ જાડેજા, રાજેન્દ્ર જોશી, ભવ્ય જેઠી, વિગેરે ના સહયોગથી આ વિતરણ કરવામાં આવે છે, આ કાર્યક્રમમાં સત્યમ સંસ્થા ના અધ્યક્ષ દર્શક અંતાણી, સહિતના સંત્યમ સંસ્થાના કાર્યકર તથા સામાજીક આગેવાન સહયોગ આપી રહ્યા છે. દરરોજ સવારે હરતા-ફરતા વાહન દ્વારા કાપડની થેલીઓનો વિતરણ શરૂ કરાય છે જેમાં શાકભાજીવાળા કાછિયા હોય ત્યાં વાહન મારફતે કાપડની થેલી નું વિતરણ કરવામાં આવી રહ્યુ છે.

## રાપરમાં ભારત વિકાસ પરિષદ દ્વારા સેવાકીય પ્રવૃતિ કરાઈ




રાપર તા.૩

ભારત વિકાસ પરિષદના સંસ્થાપક ડો.સુર્યપ્રકાશની જન્મ જયંતિ નિમિતે સંસ્થા દ્વારા તા.૨૭ જુનથી ૧૨ જુલાઈ સુધી સેવા પખવાડીયું ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ પખવાડીયા દરમિયાન દરેક શાખાઓ દ્વારા સેવા વસ્તીઓમાં શિક્ષણ,સ્વાસ્થ્ય અને સ્વાવલંબનના સેવા કાર્યો કરવાનાં નક્કી થયાં છે.આ પખવાડીયામાં એનિમીયાં મુક્ત ભારતના અંતર્ગત મહિલાઓ અને વિધાર્થીઓની હિમોગ્લોબીનની તપાસ કરી સારવાર કરવામાં આવશે. પર્યાવરણ સંરક્ષણ માટે છાંયડો આપે એવા ઔષધીય છાયાદાર વક્ષો વાવવામાં આવશે અને પ્લાસ્ટીક મુક્ત ભારત માટે અભિયાન ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.રાપરમાં આ અનુસંધાને ભારત વિકાસ પરિષદ-રાપર શાખા દ્વારા રાપરના શ્લમ વિસ્તારની કથ્થડધાર પ્રાથમિક શાળામાં બટુક ભોજન, એનીમિયા ચેકઅપ કેમ્પ અને નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં પીસ્તાલીસ વિધાર્થીઓની તપાસ કરી હેલ્થ કાર્ડ આપવામાં આવ્યાં હતાં. વિધાર્થીઓને વિટામીનની ગોળી આપવામાં આવીહતી. જરૂરીઆતમંદ વિધાર્થીઓને આગળની સારવાર માટે એમના શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.વિધાર્થીઓને બટુક ભોજન કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદ-રાપર શાખાના પ્રમુખ અને સદસ્યો,શાળાના જવાબદારો ઉપસ્થિત રહ્યા હતા.

## મોટીઅરલ ગામે પાણી પુરવઠા વિભાગના સચિવના હસ્તે શાળા પ્રવેશ કરાવાયો




ભુજ તા.૩

મોટીઅરલ પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં રાજ્ય કક્ષાના શ્રી હરિસિંહ કે. સોઢા સાહેબ(સચિવશ્રી નર્મદા,અને પાણી પુરવઠા વિભાગ) અને લાયઝન તરીકે દેશલપર ગૂંથલીના સી.આર.સી કૉ.ઓ સુનિલ જોશી ઉપસ્થિત રહ્યા હતા. જેમાં આંગણવાડી, બાલવાટિકાને શાળા પ્રવેશોત્સવ અને ધો. ૧ના બાળકોને વિદ્યા પ્રવેશ કરાવ્યો હતો. બાલવાટિકાના બાળકોને કીટના દાતા સરપંચ દિલાવરસિંહ જાડેજા તેમજ સ્કૂલબેગના દાતા બુધુભા દ્વારા આપવામાં આવેલ હતી. તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. જ્ઞાન સાધના ,જ્ઞાન સેતુ સ્કોલરશિપ માટે પસંદગીની સંભવિત યાદીમાં આવેલ વિદ્યાર્થીઓ તેમજ એનએમએમએસ માં મેરિટ માં અને પાસ થયેલ વિદ્યાર્થીઓ તેમજ પીએસઈ માં પાસ થયેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પુસ્તક આપી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.ગામજનો દ્વારા હરિસિંહ સોઢાનું સાલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ તકે આગેવાનો દ્વારા ગુણોત્સવ ,વિવિધ સ્કોલરશીપ પરીક્ષાઓ, શૈક્ષણિક કામગીરી બાબતે સંતોષ વ્યક્ત કરી. શિક્ષકોને પ્રોત્સાહિત કરાયા હતા. સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ સમગ્ર કાર્યક્રમમાં શાળાના આચાર્ય વિરેન જસાણી, શિક્ષિકા એચ. આર.મોરી, પી.પી. રાઠોડ, જે.ડી.બારડ તેમજ ગામજનોનો સહયોગ રહ્યો હતો.

## ભુજના હરીપર નજીક આવેલા ફિલ્ડ બટ પર ફાયરિંગ પ્રેક્ટીસ યોજાશે

ભુજ તા.૩

ભુજ તાલુકાના હરીપર નજીક આવેલી ફિલ્ડ ફાયરિંગ રેન્જ નં.૦૨ (17 MARATHA LI) ઉપર તા.૧૧ થી ૧૩ જુલાઈ ૨૦૨૪ ના રોજ 235 IWT Op Unit Engrs અને રેન્જ નં.૦૩ ઉપર તા. ૪ થી ૧૨ જુલાઈ (Day & Night) પર Med Regt (SANJOL MIRPUR) તેમજ રેન્જ નં.૦૪ ઉપર (52 Med Regt) તા. ૦૪ થી ૩૧ જુલાઈ દરમિયાન 46 Air Defence Regiment ના તાબા હેઠળની આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટીસ યોજવામાં આવનારી છે. જેથી ફાયરિંગ રેન્જમાં કોઈપણ વ્યક્તિઓએ પ્રવેશવું નહીં અથવા ઢોરોને પ્રવેશવા દેવા નહીં. વ્યક્તિને કે ઢોરોને કોઈ નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેવું સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

# ટાન્ઝાનિયામાં 'દ્વિ શતાબ્દી' મહોત્સવમાં શિક્ષાપત્રી, સંતવાણી વગેરે અધ્યાત્મ સભર કાર્યક્રમો યોજાયા






મણીનગર તા.૩

સ્વામિનારાયણ ગાદીના સંતોના સાંનિધ્યમાં દારેસલામ(ટાન્ઝાનિયા)માં શિક્ષા પત્રી દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત શિક્ષા પત્રીનો સમૂહ પાઠ, સંતવાણી વગેરે અધ્યાત્મ સભર કાર્યક્રમો યોજાયા હતા.

દારેસલામ હિન્દ મહાસાગરના કિનારે આવેલું છે, અરબીમાં દારેસલામનો અર્થ 'શાંતિનું ધામ' થાય છે. ટાન્ઝાનિયાના બિઝનેસ કેપિટલ તરીકે પ્રસિદ્ધ દારેસલામ ટાન્ઝાનિયાનું મુખ્ય બંદર અને સૌથી મોટું શહેર છે,આ કુદરતી બંદર ભૂમિથી ઘેરાયેલું રક્ષાયેલું છે. ૧૯૬૧માં દારેસલામ આઝાદ ટાંગાનિકાનું પાટનગર બન્યું,૧૯૬૪ માં ટાંગાનિકા અને ઝાંઝીબારનું એક રાજ્ય બનાવી 'ટાન્ઝાનિયા' નામ આપવામાં આવ્યું.

સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર મુક્તજીવન સ્વામીબાપા સૌ પ્રથમ ઈસ્વીસન ૧૯૬૦ માં દારેસલામ વિશાળ સંત અને હરિભક્તો સહ પધાર્યા હતા. ત્યારબાદ અનેક વખત તેઓ તથા વેદરત્ન આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામી મહારાજ અહીં પધારીને સત્સંગ અને પધરામણી આશીર્વાદથી આ ભૂમિને પવિત્ર કરી હતી. મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞાથી સંતો પૂર્વ આફ્રિકાના રાષ્ટ્રોમાં દારેસલામમાં સત્સંગ પ્રચારાર્થે પધાર્યા છે. જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામી મહારાજની અનુજ્ઞાથી સંતોના સાનિધ્યમાં "શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ" અંતર્ગત ગ્રંથ શિરોમણિ શિક્ષાપત્રી સમૂહ પાઠની ભકિતભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષાપત્રી મતલબ કે, શિક્ષા એટલે હિતનો ઉપદેશ અને પત્રી એટલે પોતાનો અભિપ્રાય જેનાથી અન્ય સ્થળે પહોંચાડી શકાય તે સાધન અર્થાત્ શિક્ષાપત્રી એટલે હિતનો ઉપદેશ આપતો પત્ર-લેખ. સ્વામિનારાયણ ભગવાને ૧૯૮ વર્ષ પહેલાં શિક્ષાપત્રી લખી હતી, જેમાં ૩૬૫ કરતાં વધારે શાસ્ત્રોનો સાર રહ્યો છે. આ પ્રસંગે સંત શિરોમણી ગુરુપ્રિયદાસજી સ્વામીએ શિક્ષાપત્રીનું મહાત્મ્ય સમજાવતાં જણાવ્યું હતું કે, શિક્ષાપત્રીની રચના સ્વામિનારાયણ ભગવાને સ્વયં કરી છે. સંવત ૨૦૮૨ મહાસુદ પાંચમના ૨૦૦ વર્ષ પૂર્ણ થવાથી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત શિક્ષાપત્રી સમૂહ પાઠ પારાયણનું ભકિતભાવ પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

શિક્ષાપત્રી શ્રીજીમહારાજે પોતાના આશ્રિતોને ઉદ્દેશીને લખી છે,પરંતુ સમાજના સૌ કોઈ માટે અતિ ઉપયોગી અને લાભકારક છે. જો આજે સમાજમાં શિક્ષાપત્રીનો અમલ થાય તો સમાજની દરેક સમસ્યાનો નિકાલ આપોઆપ થઈ જાય. આ પ્રસંગે સંત શિરોમણી સહજાનંદ સ્વામી, હરિકેશવદાસજી સ્વામી, ગુરુપ્રિયદાસજી સ્વામી તથા મહાનુભાવો, આબાલ વૃદ્ધ હરિભક્તો તથા ભાવિકોની ઉપસ્થિતિમાં ૨૧૨ શ્લોકો ધરાવતી શિક્ષાપત્રીનું સમૂહમાં વાચન, પૂજન તથા આરતી ઉતારવામાં આવી હતી,આ અવસરનો લ્હાવો હરિભક્તોએ ભાવપૂર્વક લીધો હતો, પધરામણી, સંતવાણી વગેરે લ્હાવા હરિભક્તોએ લીધા હતા.

## મુન્દ્રામાં વરસાદ પછી ઘણાં વિસ્તારોમાં ભરાયેલા પાણી મુશ્કેલી સર્જે છે



મુન્દ્રા તા.૩

મુન્દ્રામાં પ્રારંભે જ આઠેક ઈંચ જેટલો વરસાદ વરસી ગયો, પાણીના નિકાલના અભાવે શહેરના કેટલાક સોસાયટી વિસ્તારમાં લોકો મુશકેલીમાં મુકાયા છે. જોકે ઐતિહાસક જેરામસર તળાવ અને બાજુમાં આવેલ એક નાના અન્ય તળાવમાં નવા નીર આવ્યા છે, હજુ મેઘરાજા વરસતા બંને તળાવો ઓગની જશે, પરંતુ વરસાદ થયા પછી અમુક સોસાયટી વિસ્તારોમાં આજે પણ પુષ્કળ પાણી ભરાયેલા રહેતા લોકોની મુશ્કેલી વધી છે. મુન્દ્રાના બારોઈ રોડ પર આવેલ રામદેવનગર નજીક સાંઈબાબા મંદિર પાસે આજે વરસાદ ન હોવા છતાં પાણી ભરાયેલા જ હતા, આ વિસ્તારની આજ ુબાજુની વિવિધ સોસાયટી વિસ્તારના રહેવાસીઓ પાણીના ભરાવાથી પરેશાનીમાં મુકાયા છે, મુન્દ્રાના રામદેવનગરમાં હાલ આઠકોટી નાની પક્ષ સંપ્રદાયના આચાર્યા ભગવંતનો ચાતુર્માસ પ્રારંભ થયો છે ત્યારે અહીં આવવા માટે શ્રાવકોને પાણીનો ભરાવો પરેશાન કરી રહ્યો છે, આ વિસ્તારમાં ભરાયેલા વરસાદી પાણીના નિકાલ માટે તંત્ર જરૂરી કાર્યવાહી કરે તેવી સોસાયટી વાસીઓએ માંગ કરી છે.

## માંડવીમાં ત્રણ માસથી કાર્યાન્વિત નિ:શુલ્ક છાશ કેન્દ્રનું સમાપન



માંડવી તા.૩

વિવિધ સેવા ક્ષેત્રે સતત કાર્યરત જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે, દાતા કમલાવંતીબેન શશીકાંત મોરબીયાના સહયોગથી છેલ્લા ત્રણ માસથી, નવાપરા મધ્યે કાર્યાન્વિત નિ:શુલ્ક છાશ કેન્દ્રનું સમાપન થયું હતું. નવાપરા મધ્યે સંસ્થાના પ્રમુખ વી.જી.મહેતાના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમનો શુભારંભ નવકાર મહામંત્રના જાપ સાથે કરાયો હતો,આ નિ:શુલ્ક છાશ કેન્દ્રનો તા.૩૧/૦૩થી પ્રારંભ અને તા.૨૮/૦૬ના સમાપન કરાયું હતું.

સળંગ ત્રણ માસ આ નિ:શુલ્ક છાશ કેન્દ્ર પરથી દરરોજ ૫૬૨ જેટલા પરિવારોને, વિતરણ કરાયું હતું, કુલ ૪૪,૨૦૦ લીટર છાશના નિ:શુલ્ક વિતરણના માધ્યમથી ૨.૪૦ લાખ લોકોની સેવા ભક્તિ કરવાનો નવચેતન સંસ્થાને લાભ મળ્યો હોવાનું પ્રમુખ વી.જી.મહેતા અને પ્રોજેક્ટ ચેરમેન દિનેશ શાહે જણાવ્યું હતું.

સંસ્થાના પ્રમુખે કર્મભૂમિ માંડવી અને લાભાર્થીઓને નમન કરી, તમામ સહયોગીઓનો અને દાતા પરિવારને બિરદાવી આભાર માન્યો હતો. દાતા પરિવારના ડો. રૂપાલીબેન મોરબીયાએ લાભ આપવા બદલ સંસ્થાનો આભાર માન્યો હતો.

આ સેવા પ્રકલ્પને પાર પાડવા અનસુયાબેન શાહ, જયશ્રીબેન ગિરનારી, મધુબેન વ્યાસ, વિપુલ સોલંકી વગેરેએ જહેમત ઉઠાવી હતી. ભુજ થી પ્રદીપ દોશી, ઓજસ શેઠ, શાંતિલાલ મોતા અને મનીષ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ જયેશ ચંદુરાએ કરી હતી.

# નાગલપરના ખેડૂતે પ્રાકૃતિક પધ્ધતિથી શાકભાજીની ખેતી કરી ચીંધ્યો નવો રાહ

ભુજ તા.૩

ધો.૧૨ સાયન્સ સુધીનો અભ્યાસ કરેલા અંજાર તાલુકાનાનાગલપરનાખેડૂતઅજય પરષોત્તમ ટાંક ૧૦ એકરમાં પ્રાકૃતિક રીતે ખેતી કરી રહ્યા છે. તેઓ શાકભાજીની ખેતી કરીને જમીનના બંધારણમાં સુધારા સાથે આવકમાં પણ નોંધપાત્ર ફાયદો મેળવી રહ્યા છે.

અજયભાઇ જણાવે છે કે, હું છેલ્લા પાંચ વર્ષથી પ્રાકૃતિક કૃષિ કરું છું, મારી પાસે બે દેશી ગાયો છે, આત્મા યોજના દ્વારા મળેલી તાલીમ, માર્ગદર્શન તથા સાધનોની સહાયથી જીવામૃત, નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને ઘનજીવામૃત બનાવુ છું તથા ગોબર ગેસ સ્લરીનો પણ ઉપયોગ કરૂ છુ. હું આચ્છાદન અને મિક્સ પાકોનું વાવેતર કરીને ફાયદો મેળવી રહ્યો છું, ભુજ તથા શંખેશ્વર ખાતે પ્રાકૃતિક કૃષિની તાલીમ મેળવીને ખેતીમાં તેનો ઉપયોગ કરી રહ્યો છું. પ્રાકૃતિક ખેતીમાં ટામેટા, કોબીજ, રીંગણ, લીબુ, જામફળ, એપલ બોર વિગેરે પાકોનું વાવેતર કરેલ છે, પ્રાકૃતિક કૃષિમાં ગુણવત્તાયુક્ત પ્રાકૃતિક પેદાશના સારા ભાવ મળે છે. શ્રી ટાંક વધુમાં કહે છે કે, પાકૃતિક ખેતીથી જમીન ફળદ્રુપ બને છે, બંધારણ સુધરે છે અને આર્થિક રીતે સધ્ધર થવામાં પણ મદદ મળે છે.

જીવામૃતનો ઉપયોગ કરવાથી જમીનમાં સૂક્ષ્મજીવો અને પોષકતત્વોનું પ્રમાણ વધ્યું છે, જમીનની ફળદ્રુપતામાં વધારો થવાથી ઉત્પાદનમાં વધારોથયોછે, ખેતરમાંરહેલાસૂકા



**ટમેટા, કોબીજ, રીંગણ, લીંબુ, જામફળ, એપલ બોર વગેરેનું મેળવી રહ્યા છે નોંધપાત્ર ઉત્પાદન**

પાંદડાં, ડાળીઓ વગેરેનું આચ્છાદાન કરવાથી જમીનની ભેજ ધારણ શક્તિમાં વધારો થયો છે. આજના સમયમાં રાસાયણિક ખેતીના કારણે પર્યાવરણ તથા સ્વાસ્થ્યને નુકશાન થઈ રહ્યું છે ત્યારે કિસાનો આ પ્રાકૃતિક ખેતી તરફ વળે તે જરૂરી છે.

## બુટલેગરો સાથે સાંઠ ગાંઠ ધરાવતા પોલીસ કર્મીઓ કડક કાર્યવાહી કરો

**પ્રદેશ સ્તરના કોંગ્રેસ નેતાએ ગાંધીધામ પોલીસ અધિક્ષકને લખેલ પત્રમાં ભ્રષ્ટ તત્વો ક્યા ક્યા ક્ષેત્રે છે, તે પોલ ખોલી**

ભુજ તા.૩

બૂટલેગરો અને બે નંબરી લોકો સાથે પોલીસની સાઠગાંઠ ધરાવતા પોલીસકર્મી સામે કડક કાર્યવાહી કરવા પ્રદેશ કોંગ્રેસ દ્વારા માંગ કરાઈ છે.

પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક ને કામદાર અને કર્મચારી કોંગ્રેસ (ગુજરાત પ્રદેશ) અધ્યક્ષ ભરત વિ.સોલંકી એ પાઠવેલ પત્રમાં ભચાઉ પાસે એક બુટલેગર દ્વારા પોલીસ કર્મચારીઓ ઉપર ગાડી ચડાવીને હત્યાનો પ્રયાસ કરવામાં આવેલ તે બુટલેગર સાથે મહીલા પોલીસ કર્મચારી પણ ગાડી માં સવાર હતી, તે પોલીસ બેડા માટે કલંક રૂપ ગણાય. અગાઉ પણ પોલીસ કાફલા ઉપર બૂટલેગરો દ્વારા હુમલાઓ કરવામાં આવેલ છે, થોડા વર્ષો અગાઉ પુર્વ કરછના એક પોલીસ કર્મીની હત્યા આવી જ રીતે કરવામાં આવી હતી. બૂટલેગરો સાથેના અમુક પોલીસ કર્મીઓના સુંવાળા સંબધો અને બે નંબરી ધંધામાં ભાગીદારી એ હવે નવાઈની વાત નથી, ઘણા એવા પોલીસ કર્મીઓ છે જે આવા બે નંબરી કામ કરતા બૂટલેગરો સાથે મળીને આવા ધંધાઓને અંજામ આપતા હોય છે, કેટલાક આવા કર્મચારીઓની હાઈ ફાઈ લાઈફ સ્ટાઈલ, મોટી મોંઘી ગાડીઓ, બંગલાઓ, વિદેશની સફરો વગેરેએ જોતા જ ખ્યાલ આવી જાય કે આ બધું બે નંબરી આવક વગર સંભવ નથી. આ જ ખાતામાં રહીને ઈમાનદારીથી કામ કરતા કર્મીઓની સુરક્ષા કેટલી ? તે એક પ્રશ્ન છે, આવા પોલીસ કર્મીઓને સબક શિખવાડીને કડક હાથે કાર્યવાહી કરવામાં આવે તો ઈમાનદાર પોલીસ કર્મીઓનું મોરલ ઊંચુ થશે. શ્રી સોલંકીએ પ્રશ્ન કર્યો હતો કે, શું આવા કર્મચારીઓની માહિતિ આપના આઈ.બી શાખા પાસે નહીં હોય ? કે, પછી તેઓ પણ આવા કર્મીઓ ની 'લાજ' રાખતા હશે ? આવા પોલીસ કર્મીઓ વિરુદ્ધ કડક પગલાં લઈને ધાક બેસાડવી જોઈએ અને પોતાની જાન ના જોખમે ફરજ બજાવતા કર્મીઓને પ્રોત્સાહન આપી નવાજવા જોઈએ. કેટલાક કર્મીઓ પોલીસ બેડામાં મહત્વની શાખામાં પોતાનું સ્થાન જમાવીને આવા કૃત્યોને અંજામ આપતા હોય છે, ત્યારે આવી શાખાઓ માં ઈમાનદાર કર્મીઓને જ રાખવામા આવે તો તટસ્થ કામ ગીરી જોવા મળશે. જો બુટલેગરોથી પોલીસ જ સુરક્ષિત નહીં હોય તો આમ જનતા કે પોલીસના બાતમીદાર કેટલા સુરક્ષિત રહી શકશે..? તે પણ યક્ષ પ્રશ્ન છે. ગૃહમંત્રી, વિધાનસભાના કોંગ્રેસ નેતા વિગેરેને પણ આ પત્ર પાઠવાયો છે ત્યારે આગામી વિધાનસભામાં આ પ્રશ્ન ઉઠાવી કોઈ ચિંતા કરે છે કે તે જોવાનું રહ્યું, મોટી મોટી વાતો કરતા ગૃહમંત્રી શું એ નહીં જાણતા હોય કે ભ્રષ્ટ તત્વો પોલીસ ખાતામાં ક્યાંક નીચેથી ઉપર સુધી હોય છે.

# અનુસૂચિત જાતિ, જન જાતિ સમાજના પ્રશ્નોની દિલ્હી ખાતે અનુસૂચિત જાતિ આયોગમાં રજૂઆત

ભુજ તા.૩

નવીદિલ્હી ખાતે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ ચેરમેન કિશોર મકવાણાની ઓફિસ ખાતે રૂબરૂ મળી ગુજરાત સહિત કચ્છ જિલ્લાના અનુસૂચિત જાતિ સમાજને કનડગતા પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. સામાજિક કાર્યકર નરેશ મહેશ્વરીએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં ટોચમર્યાદા ધારા હેઠળની સૌથી વધુ જમીનો કચ્છ જિલ્લામાં આપવામાં આવી છે, આ જમીનો વર્ષ ૧૯૮૩માં રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી છે, આજે ભૂજ,ભચાઉ, રાપર, અંજાર, અબડાસા તાલુકામાં અનુસૂચિત જાતિ ખેતી સામુદાયિક સહકારી મંડળી લી.ને હજારો એકર જમીનો ફાળવવામાં આવી છે પરંતુ માત્ર રેકર્ડ કાગળ ઉપર જ ઉપલબ્ધ છે, આ જમીનો પર હાલ ભૂમાફિયાઓ, માથાભારે ઈસમોએ ગેરકાયદેસર દબાણો કર્યા છે, જમીનો ના રેકર્ડ જેવા કે ૭/૧૨, ૮અ, હાજીમાજી, ટિપ્પણ, સુદબૂક, વીગોટીની પહોંચ, જિલ્લા કલેકટરના હુકમ સહિતના રેકર્ડ ઉપલબ્ધ હોવા છતાં પણ વહીવટી તંત્ર દ્વારા સ્થાનિકે મંડળીના સભાસદોને જમીનોના પ્રત્યેક્ષ કબ્જા સોંપવામાં આવતા નથી, અનેક વખત રાજ્ય સરકાર, જિલ્લાના વહીવટીતંત્રને રજૂઆતો, ધારણાઓ કર્યા બાદ થોડી જમીનોના કબ્જા સોંપવામાં આવ્યા છે, હજુ પણ હજારો એકરના કબ્જા સોંપવામાં આવ્યા નથી. આ ઉપરાંત એટ્રોસીટીના વધતા કેસોમાં પણ પોલીસ દ્વારા આરોપીને પકડવા માટે અનુસૂચિત જાતિના લોકોને ફરજીયાત આંદોલન કરવા પડતા હોય છે, આંદોલન,રોડ રસ્તાઓ ચક્કાજામ કર્યા બાદ જ આરોપીની ધરપકડ કરવામાં આવતી હોય છે, આવી રજૂઆતો રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના ચેરમેન શ્રી મકવાણાને કરવામાં આવતા જેના પગલે તેઓએ જણાવ્યું હતું કે," હું ટુંક સમયમાં કચ્છ આવું છું અને જિલ્લા કલેકટર અને વહીવટીતંત્ર સાથે મીટીંગ કરશું અને આવા પ્રશ્નોનો નિકાલ કરવામાં આવશે" કચ્છ જિલ્લાના ગામડાઓ માં શિક્ષકોની ઘટ છે જેના કારણે ગામડાઓમાં ગરીબ વંચિત લોકો રહેતા હોય છે આ બાળકો શિક્ષાથી વંચિત રહેતા હોય છે, વધુ પડતાં ગામડાઓમાં અનુસૂચિત જાતિ, જન જાતિના બાળકો અભ્યાસ કરે છે એવી રજૂઆત પણ



**કચ્છમાં ન્યાય ન મળતાં ઉચ્ચ સ્તરે અનેકવિધ પ્રશ્નો ની રજૂઆત, આયોગ ચેરમેને કચ્છ રૂબરૂ આવી પ્રશ્નો ઉકેલવા હૈયા ધારણા આપી**

સામાજિક કાર્યકર અને ગુજરાત પ્રદેશ મહેશ્વરી સમાજના પ્રમુખ નરેશ મહેશ્વરી દ્વારા કરાઈ હતી, ગુજરાત રાજ્યમાં સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ સંચાલિત હોસ્ટેલોમાં સુવિધાઓ આપવામાં આવતી નથી, સાફ સફાઈ રાખવામાં આવતી નથી, અનેક હોસ્ટેલોના બિલ્ડિંગો ખખડધજ થઈ ચૂકેલી છે જેને નવા બિલ્ડિંગમાં સ્થળાંતર કરવા અને આપના માધ્યમથી રાજ્ય સરકારમાં આ બાબતે રજૂઆત કરવામાં આવે અને તમામ સુવિધાઓ આપવામાં આવે એવી માંગણી કરવામાં આવી હતી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના કર્મચારીઓને કનડગત થતાં પ્રશ્નો અંગે પણ વિસ્તાર પૂર્વક રજૂઆત કરતા શ્રી મકવાણાએ ગુજરાતના દરેક જિલ્લા સાથે કચ્છ જિલ્લામાં આવી વહીવટીતંત્ર સાથે વાત કરી તાત્કાલિક નિરાકરણ થશે એવું જણાવ્યું હતું, અનુસૂચિત જાતિ આયોગ ના ચેરમેન કિશોરભાઈને કેન્દ્ર સરકાર દ્વારા મોટી જવાબદારી મળતા એમને સન્માનિત કરવામાં આવ્યા હતા આ અવસરે સાથે બહુજન આર્મીના લખન ધુવા, અમદાવાદથી દિનેશ મકવાણા અને વડોદરાથી રાજેશભાઈ જોડ-ાયા હતા એવું નરેશ મહેશ્વરીની યાદીમાં જણાવાયું હતું.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

## આજે એલિસ ઇન વન્ડરલેન્ડ ડે

# આ પુસ્તક ક્યારેય આઉટ ઓફ પ્રિન્ટ થયું નથી



આ વાર્તાના પ્રથમ પ્રકાશનની ૧૫૦ મી વર્ષગાંઠ ૨૦૧૫ માં હતી, જુલાઈ ૪ ના દિવસે લુઈસ કેરોલે મૂળ રૂપે એલિસ લિડેલને વાર્તા લખતા પહેલા કહ્યું હતું.અને તે પ્રથમ વખત એલિસ ઈન વન્ડરલેન્ડ ડે ઉજવવામાં આવ્યો હતો એલિસેઝ એડવેન્ચર્સ ઈન વન્ડરલેન્ડ ટૂંકા સ્વરૂપ માં એલિસ ઈન વન્ડરલેન્ડ એ ૧૮૬૫માં અંગ્રેજ લેખક ચાર્લ્સ લ્યુટવિજ ડોડસન દ્વારા લુઈસ કેરોલ ઉપનામે લખવામાં આવેલી એક નવલકથા છે. તેમાં એલિસ નામની એક છોકરીની વાર્તા છે જે સસલાંના દરમાં પડી ગયા બાદ કલ્પનાના વિશ્વમાં જતી રહે છે જ્યાં વિચિત્ર અને માનવીની જેમ બોલી શકતા જીવો વસવાટ કરે છે.

આ વાર્તામાં ડોડસનના મિત્રોનો અછડતો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વાર્તા એ પ્રકારના તર્ક સાથે આગળ વધે છે કે બાળકોની સાથે પુખ્તવયના લોકોમાં પણ તે ઘણી લોકપ્રિય બની છે. તેને સાહિત્યિક નોનસેન્સ શૈલીનું શ્રેષ્ઠ ઉદાહરણ ગણવામાં આવે છે. અને તેની વર્ણનાત્મક પદ્ધતિ તથા માળખું અત્યંત અસરકારક છે.ખાસ કરીને ફેન્ટસીની શૈલીમાં.એલિસ ૧૮૬૫માં રિવિયરેન્ડ ચાર્લ્સ લ્યુટવિજ ડોડસન અને રિવિયરન્ડ રોબિન્સન ડકવર્થ ત્રણ નાની બાળકીઓ સાથે એક બોટમાં બેસીને થેમ્સ નદીમાં ગયા તેના બરાબર ત્રણ વર્ષ પછી લખાઇ હતી.લોરિના ચાર્લોટ લિડેલ (ઉમર ૧૩ , જન્મ ૧૮૪૯ )એલિસ પ્લીઝન્સ લિડેલ (ઉમર ૧૦, જન્મ ૧૮૫૨ )એડિથ મેરી લિડેલ (ઉમર ૮ , જન્મ ૧૮૫૩ ) આ ત્રણેય છોકરીઓ ઓક્સફર્ડ યુનિવર્સિટીના વાઇસ - ચાન્સલર અને ક્રાઇસ્ટ ચર્ચના ડીન તથા વેસ્ટમિન્સ્ટર સ્કૂલના હેડમાસ્ટર હેનરી જ્યોર્જ લિડેલની પુત્રીઓ હતી. પુસ્તકના મોટા ભાગના સાહસો ઓક્સફર્ડ અને ક્રાઇસ્ટ ચર્ચ ખાતેના લોકો, પરિસ્થિતિ અને ઈમારતો પર આધારિત અને પ્રેરિત હતા જેમ કે રેબિટ હોલ એ ક્રાઇસ્ટ ચર્ચના મુખ્ય હોલમાં વાસ્તવિક દાદરાનું પ્રતિક છે. એવું માનવામાં આવે છે કે રિપન કેથડ્રલમાં જ્યાં કેરોલના પિતા એક કેનન હતા ત્યાં ગ્રિફોન અને સસલાના એક નકશીકામે વાર્તા માટે પ્રેરણા આપી હતી. પ્રવાસની શરૂઆત ઓક્સફર્ડ નજીક ફોલી બ્રિજ ખાતે થઇ હતી અને પાંચ માઈલ દૂર ગોડસ્ટો ગામે તે પૂરો થયો હતો. આ સમય દરમિયાન રિવિયરેન્ડ ડોડસને છોકરીઓને એક વાર્તા સંભળાવી હતી જેમાં આકસ્મિક રીતે ન કહી શકાય તે રીતે એક કંટાળો અનુભવતી એલિસ નામની છોકરીની વાત હતી . જે સાહસની શોધમાં નીકળે છે. છોકરીઓને તે પસંદ પડ્યું હતું અને એલિસ લિડેલે ડોડસનને તેના માટે તે લખી આપવા જણાવ્યું.

બે વર્ષથી વધુ સમયના લાંબા વિલંબ બાદ તેમણે અંતે આમ કર્યું અને ૨૬ નવેમ્બર ૧૮૬૪ ના રોજ એલિસને એલિસેઝ એડવેન્ચર્સ અંડર ગ્રાઉન્ડ ની હસ્તપ્રત આપી જેમાં ડોડસનએ જાતે ચિત્રો દોર્યા હતા. માર્ટિન ગાર્ડનર સહિત કેટલાકના માનવા પ્રમાણે તેનું જૂનું વર્ઝન પણ હતું જેને ડોડસને નષ્ટ કરી નાખ્યું હતું અને હાથેથી વધુ વિગતવાર નકલ લખી હતી,પરંતુ આ બાબત પૂરવાર કરવા કોઈ પ્રથમદર્શી પૂરાવા નથી. પરંતુ એલિસને તેની નકલ મળી તે પહેલા ડોડસન તેને પ્રકાશન માટે તૈયાર કરી રહ્યા હતા અને ૧૫,૫૦૦ શબ્દની અસર કૃતિને વિસ્તારીને ૨૭,૫૦૦ શબ્દની કરી રહ્યા હતા, તેમાં મુખ્ય રીતે કેશિયર કેટ અને મેડ ટી પાર્ટીના પ્રકરણનો ઉમેરો કર્યો હતો. ૧૮૬૫માં ડોડસનની વાર્તા એલિસેઝ એડવેન્ચર્સ ઈન વન્ડરલેન્ડ તરીકે “લુઈસ કેરોલ” દ્વારા પ્રકાશિત થઈ હતી જેમાં જોન ટેનિયલએ ચિત્રો દોર્યા હતા. ટેનિયલે પ્રિન્ટની ગુણવત્તા સામે વાંધો ઉઠાવતા ૨૦૦૦ નકલાના પ્રથમ પ્રિન્ટ ઓર્ડરને અટકાવી દેવાયું હતું. તે જ વર્ષે ડિસેમ્બરમાં એક નવી આવૃત્તિ રિલિઝ થઈ હતી, પરંતુ તેમાં ૧૮૬૬ની તારીખ હતી અને તે તુરંત પ્રકાશિત કરવામાં આવી હતી.

પાછળથી જાણવા મળ્યું તેમ અસલ આવૃત્તિને ડોડસનની મંજૂરી સાથે ન્યૂયોર્કના પ્રકાશન ગૃહ એપેલટનને વેચવામાં આવી હતી.એપલેટન એલિસનું બાઇન્ડિંગ ૧૮૬૬ની મેકમિલન એલિસ જેવું જ હતું, માત્ર પ્રકાશકના નામમાં તફાવત હતો. એપલેટન એલિસ નું ટાઇટલ પેજ ઉમેરવામાં આવ્યું હતું અને ૧૮૬૫નું મેકમિલનનું ટાઇટલ પેજ કાઢી નાખવામાં આવ્યું હતું જેના પર ન્યૂયોર્કના પ્રકાશકની છાપ અને ૧૮૬૬ની તારીખ હતી. છપાયેલી તમામ નકલો તુરંત વેચાઇ ગઇ હતી. પ્રકાશન જગતમાં એલિસ એ ચકચાર મચાવી દીધી હતી, બાળકો અને મોટેરાઓ તેને એક સરખી રીતે ચાહવા લાગ્યા હતા. તેને રસપૂર્વક વાંચનારા પ્રથમ વાચકોમાં ક્વિન વિક્ટોરિયા અને બાળ ઓસ્કાર વાઈલ્ડનો સમાવેશ થતો હતો.

આ પુસ્તક ક્યારેય આઉટ ઓફ પ્રિન્ટ થયું નથી. એલિસ એડવેન્ચર્સ ઈન વન્ડરલેન્ડ નો ૧૨૫ ભાષામાં અનુવાદ થયો છે. અત્યાર સુધીમાં આ પુસ્તકની એકસોથી વધુ આવૃતિ છપાઇ ગઇ છે તથા અન્ય મિડિયા વિશેષ કરીને થિયેટર અને ફિલ્મમાં અસંખ્ય વખત તેના પરથી પ્રેરણા લેવાઇ છે. આ પુસ્તકને ટૂંકમાં એલિસ ઈન વન્ડરલેન્ડ ટાઇટલ અપાયું છે અને આટલા વર્ષોમાં સ્ટેજ, ફિલ્મ અને ટીવી પર તેના પરથી પ્રેરણા લઈને અનેક રજૂઆતોમાં આ ટાઇટલ લોકપ્રિય બન્યું છે. આ ટાઇટલના કેટલાક પ્રિન્ટિંગમાં એલિસેઝ એડવેન્ચર્સ ઈન વન્ડરલેન્ડ અને તેની અનુવર્તી સિકવલ નવલકથા થ્રુ ધ લૂકિંગ ગ્લાસ તથા વ્હોટ એલિસ ફાઇન્ડ ધેરનો સમાવેશ થાય છે.



જાણ્યું અજાણ્યું
ડો.મિહિર એમ.વોરા

# અગ્નિકાંડમાં હવે તત્કાલીન પીઆઇ વી.એસ.વણજારા-જે.વી.ધોળા સસ્પેન્ડ

રાજકોટ, તા.૩

રાજકોટ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગવા મામલે રાજકોટ શહેરના બે પોલીસ-ઈન્સ્પેક્ટર વી.આર.પટેલ અને એન.આઈ. રાઠોડને સસ્પેન્ડ કરવામાં આવ્યા બાદ અગાઉ ફરજ બજાવી ચૂકેલા બે પીઆઇ. જે.વી.ધોળા અને વી.એસ. વણઝારાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કમિટીની તપાસ બાદ ગુજરાત પોલીસવડા વિકાસ સહાયના આદેશથી બુધવારે વધુ બે રાજકોટના તત્કાલીન પીઆઇને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, કમિટી આ મામલે આજે હાઇકોર્ટમાં અગ્નિકાંડ નો રિપોર્ટ પણ રજૂ કરી શકે છે. વર્ષ ૨૦૨૧માં PI વણઝારા અને PI ધોળા લાયસન્સ બ્રાંચ અને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. એસઆઈટીની તપાસને આધારે રિપોર્ટમાં આ બંને અધિકારીની જે તે સમયે બેદરકારી સામે આવતા ગૃહ વિભાગમાં આ અંગે જાણ કરવામાં આવી હતી. આ અંગે ગૃહ વિભાગે ડીજીપી વિકાસ સહાયને જાણ કરતાં અંતે બંને PIને સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામા આવ્યો છે. રાજકોટથી પીઆઇ જે.વી. ધોળાની કચ્છ (પશ્ચિમ-ભુજ) ખાતે બદલી કરવામાં આવી હતી. હાલ તેઓ કચ્છના મુન્દ્રા પોલીસ મથકમાં ફરજ બજાવી રહ્યા છે. જ્યારે પીઆઇ વી.એસ. વણઝારા હાલ અમદાવાદ ફરજ બજાવી રહ્યા છે.અત્યાર સુધી આ મામલે નાના-મોટા ૧૪ અધિકારીઓ સામે કાર્યવાહી થઇ ચુકી છે.



### કચ્છના કલેકટરની પણ પુછપરછ થઈ હતી

રાજકોટ અગ્નિકાંડ મામલે હાઈકોર્ટની ટકોર બાદ સરકાર દ્વારા વધારાની સમિતિ રચવામાં આવી હતી. આ સમિતિ દ્વારા પણ શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારને રિપોર્ટ સુપરત કરવામાં આવ્યો હતો.આ રિપોર્ટ પહેલાં કમિટી દ્વારા રાજકોટ શહેરના બે પૂર્વ મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા તથા આનંદ પટેલની પણ પૂછપરછ કરાઈ હતી.હવે કોર્ટમાં જે તપાસ રીપોર્ટ સોંપવામાં આવશે જેમાં બન્ને અધિકારીઓની ભુમીકા સહિત જે તપાસ થઈ છે. તેનો વિસ્તૃત અહેવાલ પણ હશે બની શકે કે આ મામલે આએએસ અધિકારી સામે પણ કાર્યવાહી થઈ શકે કેમકે આ મામલે સતત વિપક્ષ દ્વારા સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. કે સરકાર મોટા અધિકારીઓ અને નેતાઓ સામે કોઇ કાર્યવાહી થઇ નથી કે તપાસમા તેનુ નામ પણ સામે આવ્યુ છે. ત્યારે જોવુ રહ્યુ હવે આગામી કોની સામે કાર્યવાહી થાય છે.

# સરહદ ડેરી ને ગર્ભ પ્રત્યારોપણમાં મળી સફળતા !

**અત્યાર સુધીમાં કુલ ૬૦ ગાય માં એમ્બ્રિયો ટ્રાન્સફર ઈટી કરવાંમાં આવ્યા છે. જેમાથી ૫ વાછરડી અને ૧ વાછરડાનો જન્મ થયો આગળ વધતા પશુ પાલકો ને પશુ માવજત પાછળ થતા વધારા ના ખર્ચ માંથી મુક્તિ મળશે**



ભુજ તા.૩

કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. “સરહદ ડેરી” દ્વારા માંડવી તાલુકાના મસ્કા દૂધ મંડળીમાં દૂધ ભરાવતા સભાસદ પરેશ હીરાલાલ મોતાની ગાયમાં ૨૪-૦૯-૨૦૨૩ ના રોજ એમ્બ્રિયો ટ્રાન્સફર ઈટી કરવામાં આવ્યું હતું. આ વૈજ્ઞાનિક પ્રક્રિયાને તારીખ ૨૯-૦૬-૨૦૨૪ના અભૂતપૂર્વ સફળતા મળતાં એક તંદુરસ્ત વાછરડીનો જન્મ થયો છે. વાછરડી એકદમ તંદુરસ્ત છે અને ૧૯ કિલો વજન ધરાવે છે.અત્રે નોંધનીય છે કે એમ્બ્રિયો ટ્રાન્સફર ઈ્ થી જન્મેલ આવી વાછરડીનું સારી રીતે જતન કરવાથી તે વધારે માત્રા માં દૂધ આપે છે.સરહદ ડેરી દ્વારા ઓલાદ સુધારણા માટે અને પશુપાલકો વધુ દૂધ ઉત્પાદન કરી આર્થિક રીતે વધુ મજબૂત બને તે હેતુ સાથે સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલ ના નેતૃત્વમાં સરહદ ડેરી તેમજ એનડીડીબી ના સહયોગથી શરૂ કરાયેલ એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનાં પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ગાયોમાં ગર્ભ પ્રત્યારોપણ કરેલ જેમાં ૨૯-૦૬-૨૦૨૪ ના તંદુરસ્ત વાછરડી જન્મેલ છે. તેમજ સરહદ ડેરી દ્વારા અત્યાર સુધીમાં કુલ ૬૦ ગાય માં એમ્બ્રિયો ટ્રાન્સફર ઈટી કરવાંમાં આવ્યા છે. જેમાથી ૫ વાછરડી અને ૧ વાછરડાનો જન્મ થયો છે આ બાબતે સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલે જણાવ્યુ હતું કે એમ્બ્રિયો ટ્રાન્સફર ટેકનોલોજી (ET)થી જે વાછરડી જન્મ થયો છે તેથી ઓછા પશુ માં વધુ દૂધ ઉત્પાદન કરવા ના સિદ્ધાંત સાથે આગળ વધતા પશુપાલકો ને પશુ માવજત પાછળ થતા વધારા ના ખર્ચ માંથી મુક્તિ મળશે જેથી પશુપાલકો ને વધુ નફો થશે.

# હવે નખત્રાણાના પાવર પટ્ટી વિસ્તારમાં વીજ સમસ્યાથી ત્રસ્ત લોકોનો વિરોધ



ભુજ તા.૩

ભુજમાં વિજ સમસ્યા હજુ યથાવત છે. અનેક વિસ્તારોમા હજુ પણ દિવસમા વિજ સમસ્યા યથાવત છે ત્યારે ન માત્ર ભુજ પરંતુ હવે ગ્રામ્ય વિસ્તારમા વિજ સમસ્યાતી ત્રસ્ત લોકોએ કચેરીમા વિરોધ કર્યો છે. બીબર સહિત આસપાસના ગામમં વારંવાર વિજ વિક્ષેપ થતા ગ્રામજનોએ કંટાળી આખરે નીરોણા સબ સ્ટેશન કચેરીનો ઘેરાવ કર્યો હતો આ વિસ્તારમાં વારંવારની રજુઆત પછી પણ મેન્ટેનન્સ સહિતની કામગીરી ન થતા મંગળવારે રાત્રે પણ આ વિસ્તારમાં વીજ પુરવઠો બંધ રહ્યો હતો વીજ ધાંધિયા બાબતે આ વિસ્તારના સરપંચો/લોકોએ અનેક વખત કરી હતી પરંતુ સમસ્યા હલ ન થતા ગ્રામજનોએ ૬૬ કે.વી સબ સ્ટેશનમા ઘેરો નાંખ્યો હતો અને કચેરીને તાળાબંધી કરી હતી આ સબ સ્ટેશનમાંથી પસાર થતો વિજ પુરવઠો કલાકો બંધ રહ્યો હતો જેને કારણે આ વિરોધ કરાયો હતો જો કે બાદમાં તંત્ર તથા પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને મામલો થાળે પાડ્યો હતો બુધવારે મોડેથી આ મામલે લોકોએ વિરોધ બંધ રાખ્યો હતો પરંતુ તે પહેલા લોકોએ ભારે ઉગ્ર વિરોધ વિજ સમસ્યા અંગે કર્યો હતો. એક સમયે મોટી સંખ્યામા રાત્રે લોકો એકઠા થઇ ગયા હતા અને સવાર સુધી વિરોધ ચાલુ રાખ્યો હતો જ્યા સુધી કોઇ યોગ્ય નિર્ણય ન આવે ત્યા સુધી ગ્રામજનોએ બીલ ન ભરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. સવાર સુધી ચાલેલા વિરોધ બાદ ભુજથી અધિકારીઓ દોડી આવ્યા હતા અને લોકોને સાંભળ્યા હતા ત્યાર બાદ યોગ્ય કરવાની ખાતરી મળતા મામલો શાંત થયો હતો. ભુજમા પણ તાજેતરમાં વિજ સમસ્યાથી પરેશાન લોકોએ પીજીવીસીએલ કચેરીમાં ભારે વિરોધ કર્યો હતો ત્યારે હવે નિરોણા સબ સ્ટેશન ખાતે પણ વિરોધનો મામલો સામે આવ્યો છે.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# ભુજના સુખપરમા ટ્રક ફરી વળતા દાદી પૌત્રના કમકમાટી ભર્યા મોત !

**માનકુવાથી ભુજ મોપેડમાં આવી રહ્યા હતા ત્યારેજ મોપેડ પડી ગયુ હતુ અને પાછળથી આવી રહેલ ટ્રકમાં કચડાઇ જતા આધેડ મહિલાનુ ઘટના સ્થળેજ મોત થયુ હતુ જ્યારે માસુમ બાળકનુ હોસ્પિટલ ખસેડાયા બાદ ગંભીર ઇજાથી તેનુ પણ મોત થતા અરેરાટી, એકનો બચાવ**





ભુજ તા.૩

અકસ્માતો કચ્છમા હવે સામાન્ય બન્યા છે. માતેલા સાંઢની જેમ દોડતા મોટા વાહનો જીવલેણ અકસ્માત સર્જી રહ્યા છે તે વચ્ચે આજે વધુ એક અકસ્માતમાં બે માનવ જીદંગી હોમાઇ ગઇ છે. બુધવારે સવારે ભુજના સુખપર માં એક્ટિવા ઉપર ટ્રક ફરી વળતા દાદી પૌત્રના મોત થયા હતા. સુખપર ગામના મુખ્ય રસ્તા પર આજે માનકુવા થી ભુજ એક્ટીવાથી જઇ રહેલા દાદી પૌત્રને અકસ્માત નડ્યો હતો. મોપેડ એકતા ગોરસિયા ચલાવતા હતા આગડ ઉભેલી બોલેરો કારને કારણે બેલેન્સ ગુમાવી આધેડ મહિલાની મોપેડ નમી ગઇ હતી. અને પડી જતા પાછળથી આવી રહેલી ટ્રકમાં કચડાઇ ગયા હતા. ટાયર નીચે આવી જતા વૃધ્ધાનુ ઘટના સ્થળેજ મોત થયુ હતુ જ્યારે તેના માશુમ પૌત્રનુ સારવાર મળે તે પહેલાજ મોત નીપજી ગયુ હતુ સદનશીબે વાહન ચલાવનાર મહિલાનો આબાદ બચાવ થયો હતો. તેને ઈજા થતા તેને પણ હોસ્પિટલ ખસેડાઇ હતી. અકસ્માત બાદ મોટી સંખ્યામા લોકો મદદ માટે સ્થળ પર દોડી આવ્યા હતા. સાથે અવાર-નવાર આ રોડ પર સર્જાતા અકસ્માતો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ અંગે માનકુવા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાથી પટેલ ચોવીસી સહિત સમગ્ર કચ્છમા અરેરાટી ફેલાઇ હતી. ઘટનામાં ૫૫ વર્ષીય મંજુલાબેન વાલજી ગોરસિયા અને સવા વર્ષના તન્મય દિનકર ગોરસિયાના મોત નીપજ્યુ છે. બન્નેના મૃતદેહને પોસમોર્ટમ માટે મોકલી વધુ તપાસ હાથ ધરાઇ હતી. રોડની બાજુમાંજ કામ માટે રખાયેલી રેતીમાં મોપેડ સ્લીપ થયા બાદ આ કરૂણ ઘટના સર્જાઇ હોવાનુ સ્થાનીકેથી જાણવા મળ્યુ હતુ. માનકુવા પોલીસના તપાસ અધિકારીએ જણાવ્યુ હતુ કે પરિવાર દવા લેવા માટે ભુજ જઇ રહ્યુ હતુ ત્યારે આ અકસ્માત થયો હતો. ટ્રકનો ચાલક પોલીસ મથકે હાજર થઇ ગયો હતો. લોકીક ક્રિયા બાદ આ અંગે ધોરણસર ફરીયાદ કરી આગળની તપાસ કરવામાં આવશે.

# ગુજરાત ATS એ કચ્છમાંથી ૩ ને પુછપરછ માટે ઉઠાવ્યા

ભુજ તા.૩

સરહદી જીલ્લા કચ્છમાં શંકાસ્પદ પ્રવૃતિ પર સ્થાનીક એજન્સીઓ સાથે રાજ્યની અન્ય મહત્વની એજન્સીઓ પણ નજર રાખતી હોય છે ત્યારે આવીજ શંકાસ્પદ ગતિવિધીના આધારે રાજ્યના ત્રાસવાદી વિરોધ દળ એ કચ્છમાંથી શંકાસ્પદ ગતિવીધીના આધારે ૩ ને પુછપરછ માટે ઉઠાવ્યા છે. પ્રથમ મુન્દ્રા તાલુકાના ધ્રબમાંથી એક શખ્સની અટકાયત કરી પૂછપરછ હાથ ધરાઇ હતી જે ઓપરેશન મોડી રાત સુધી ચાલ્યુ હતુ. પાકિસ્તાનમાં થતાં ફોન કોલના આધારે આ ત્રણે વ્યક્તિઓની પુછપરછ માટે અટક કરી હોવાનુ કહેવાય છે. જેમાં સ્થાનીક અધિકારીઓને પણ સાથે રખાયા હતા. પ્રાથમીક માહિતી મુજબ ફોનથી પાકિસ્તાનમાં અવારનવાર કોલ થતા આ ત્રણે લોકો એજન્સીઓના રડાર પર આવ્યા હતા. જો કે એવુ પણ સામે આવ્યુ છે કે ઝડપાયેલા શખ્સો પૈકીના એકના કુટુંબીજનો પાકિસ્તાનમાં વસવાટ કરે હોય આ વાતચિત થઇ હોઇ શકે પરંતુ એજન્સીઓએ આ અંગે હાલ સત્તાવાર કાઇ કહેવાનુ ટાળ્યુ છે. તો લખપત માંથી પણ એજ શંકાએ બે લોકોને પુછપરછ માટે તપાસ એજન્સી લઇ ગઇ છે. કચ્છ સરહદી જીલ્લો હોવાથી આવી ગતિવીધી પર સતત એજન્સીઓની નજર રહે છે ત્યારે જોવુ રહ્યુ શંકાના આધારે લઇ જવાયેલા ૩ શખ્સોની પુછપરછમા શુ કાઇ ચોંકાવનારા ખુલાસા થાય છે.? જો કે હાલ ત્રણ લોકોને પુછપરછ માટે ઉઠાવતા અનેક ચર્ચા શરૂ થઇ છે.

# પશ્ચિમ કચ્છ એલસીબીએ લખપતના બાલાપરમાં ૧.૧૬ લાખનો દારૂ પકડ્યો




ભુજ તા.૩

લખપત તાલુકાના નારાયણ સરોવર પોલીસ સ્ટેશન વિસ્તારના બાલાપર ગામમાં થી એક ઈસમના ઘરમાંથી ૧ લાખથી વધુ રકમનો દારૂ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (ભુજ) પોલીસે પકડી પાડ્યો હતો જોકે પોલીસને આરોપી હાજર મળ્યો ન હતો.

લોકલ ક્રાઈમ બ્રાન્ચ પશ્ચિમ ભુજ ના પોલીસ ઈન્સ્પેકટર એસ.એન. ચુડાસમા, સબ ઈન્સ્પેકટર ટી.બી. રબારી એ પશ્ચિમ કચ્છમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની પ્રવૃત્તિનો ગેરકાયદેસર રીતે જથ્થો મંગાવી વેચનારા ઉપર વોચ રાખી કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ જે અનુસંધાને લોકલ ક્રાઈમ બ્રાન્ચના એ.એસ.આઈ. બલભદ્રસિંહ રાણા, હેડ કોન્સ્ટેબલ નવીનકુમાર જોષી, ધનજી આયર, કોન્સ.નરેન્દ્રસિંહ સોઢા લખપત તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેમને ખાનગી રાહે બાતમી મળેલ કે, બાલાપર ગામમાં ભગીરથસિંહ ચનુભા સોઢા પોતાના કબ્જાના મકાનમાં બહારથી દારૂનો જથ્થો મંગાવી છુટક વહેચાણ કરે છે, જે આધારે રેઈડ કરતા આરોપી ભગીરથસિંહ સોઢા પોતે હાજર મળેલ ન હતા,પણ મકાનમાંથી અલગ અલગ બ્રાન્ડની ૩૬૦ દારૂની બોટલો કી.રૂા.૧,૦૪,૪૦૦ તેમજ ભારતીય બનાવટના બીયર ટીન નંગ:૧૨૦ કિંમત રૂપીયા ૧૨,૦૦૦ એમ કુલ્લ ૧,૧૬,૪૪૦ નો મળી આવેલ મુદ્દામાલ કબ્જે કરી નારાયણ સરોવર પોલીસ સ્ટેશન ખાતે સોપવામાં આવેલ હતો, આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે તેની વિરૂદ્ધ નારાણસરોવર પોલીસ મથકે અગાઉ ત્રણ ગુના દાખલ થયેલા છે.

કચ્છના ઝડપથી વિકસતા
ન્યુઝ4કચ્છ 'વાત કચ્છીયતની'
દૈનિક અખબારમાં આપની આસપાસ બનતા બનાવો, સામાજિક, રાજકિય કે શૈક્ષણિક આયોજનોના સમાચાર તથા આપની જાહેરખબર આપવા આજે જ સંપર્ક કરો.
+91 9687605569
૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ (કચ્છ)
EMAIL: NEWS4KUTCHINFO@GMAIL.COM
SOCIAL MEDIA FOLLOW US : NEWS4KUTCH

# કચ્છના ચકચારી કેસમા મહિલા પોલીસ નિતા ચૌધરીને જામીન મળ્યા




ભચાઉ, તા.૩

ભચાઉ નજીક બુટલેગર તથા મહિલા પોલીસ દ્વારા પોલીસ કર્મચારીએ હુમલો કરવાના ચકચારી બનાવમાં નિતા ચૌધરીને જામીન મળી ગયા છે. રવિવારે બુટલેગરને પકડવા માટે લોકલ ક્રાઈમ બ્રાન્ચ તથા સ્થાનીક પોલીસે કામગીરી કરી હતી દરમ્યાન બુટલેગર યુવરાજસિંહ જાડેજા દ્વારા પોલીસ પર કામ ચડાવી દેવાનો પ્રયાસ કરાયો હતો જો કે ફાયરીંગ કરી પોલીસે કાર સાથે યુવરાજસિંહને ઝડપી પાડ્યો હતો સાથે સીઆઇડી ક્રાઈમમાં ફરજ બજાવતી નિતા ચૌધરી પણ કારમાં સાથે પકડાઇ હતી જેણે ભારે ચકચાર સર્જી હતી. તપાસ દરમ્યાન નિતાએ પોતેજ દારૂ લઇ આવી હોવાની કબુલાત પણ કરી હતી જો કે પોલીસે રીમાન્ડની માંગ સાથે બન્નેને રજુ કરતા કોર્ટે રીમાન્ડ ના મંજુર કર્યા હતા. સાથે ઉપલી કોર્ટ માં જવાની પણ પેરવી કરી હતી દરમ્યાન આજે ભચાઉ કોર્ટ માં નિતા ચૌધરી દ્વારા કરાયેલી જામીન અરજી મંજુર કરી દેવાઇ હતી જેને કાયદા ક્ષેત્રમાં ભારે ચકચાર સર્જી હતી. પોલીસની રીમાન્ડની માંગ ના મંજુર કર્યા પોલીસને કોર્ટે વધુ એક ફટકો આપ્યો હતો ભચાઉ કોર્ટે પોલીસ સસ્પેન્ડ કરી દેવાયેલી પોલીસ કર્મચારી નિતા ચૌધરીને જામીન આપ્યા હતા જો કે બાદમાં પુર્વ કચ્છ પોલીસવડાએ આ નિર્ણયને ઉપલી કોર્ટમાં પડકારવાની વાત કરી હતી કારમા દારૂનો જથ્થા સાથે થયેલા આ પ્રકરણે ભારે ચકચાર સર્જી હતી. જો કે જામીન બાદ હજુ તેની મુક્તી થઇ નથી દારૂના ગુન્હામાં હજુ તે પોલીસની ગીરફતમાં છે ત્યારે તેને ફરી કોર્ટમાં રજુ કરવા સાથે સરકારી વકિલના માર્ગદર્શન હેઠળ ઉપલી કોર્ટમા પડકારાશે રીમાન્ડની માંગણી સાથે પોલીસે કોર્ટમાં રજુ કરી ત્યારે અને જામીન અરજી સમયે પણ કોર્ટમાં ભારે ચર્ચા થઇ હતી પરંતુ કોર્ટે તેના જામીન મંજુર કર્યા હતા.

# વાહન ચેકિંગ દરમ્યાન આડેસર ચેકપોસ્ટ પાસે ચાર શખ્શો દારૂ સાથે ઝડપાયા



ગાંધીધામ તા.૩

વાહન ચેકિંગ દરમ્યાન આડેસર ચેકપોસ્ટથી આડેસર પોલીસે ૨૭,૫૫૦ હજારનો દારૂ પકડી પાડ્યો છે. રાપર સર્કલના સી.પી.આઈ. એમ એન દવે માર્ગદર્શનમાં આડેસર પોલીસ સબ ઈન્સપેક્ટર વી.પી.આહિર તથા પોલીસ સ્ટાફના માણસો આડેસર ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગમાં હતા. તે દરમ્યાન પો.સ.ઈ.ને મળેલ બાતમી આધારે વિદેશી દારૂનો કેસ શોધી ચાર આરોપીને પકડી પાડી આડેસર પોલીસ સ્ટેશનમાં પ્રોહિ.એક્ટની કલમ તળે ગુનો રજીસ્ટર્ડ કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :** કાર્તિક દેવાનંદ ચાવડા (રહે. વીરપર મેવાસા દ્વારકા),કરણ વીરાભાઈ સોલંકી(મુળ રહે.મીઠાપુર દ્વારકા હાલે વીરપર - મેવાસા), રાહુલ કરશન ચાવડા (આહીર) (રહે.મોટા આસોટા દ્વારકા) અને ભરત દેવાયત કરમોર (આહીર) (રહે. દરેડ તા. જામનગર) પાસેથી તેમની બે ગાડીમાંથી જુદી જુદી બ્રાડની ૨૬૮ દારૂની બોટલ કિં. રૂા.૨૭, ૫૫૦ અને હુન્ડાઈ કંપની ની વરના ગાડી રૂ.૩,૦૦,૦૦૦ અને મહિન્દ્રા કંપનીની કાર રૂ.૫,૦૦,૦૦૦, મોબાઈલ ફોન ૪ કિં.૪૦,૦૦૦ એમ કુલ્લ રૂ.૮,૬૭,૫૦૦ નો મુદ્દામાલ હસ્તગત કરાયો હતો, આ ગુનામાં જેમના નામ ખુલ્યા છે તે આરોપીઓ જયંતી ઠાકોર, રાધનપુર અને રીયાઝ મુસલમાન, જામનગર ને પકડવાના બાકી છે, આ કામ ગીરી પો.સ.ઈ. વી.પી.આહિર તથા આડેસર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.